RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 9 * Issue No. 03* Date: 23.10.2022, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ધનતેરસે મેગા રિક્રૂટમેન્ટ ડ્રાઇવ લોન્ચ

### ૧૦૦ વર્ષે એકવાર આવતી મહામારીની આડઅસરથી જે સમસ્યાઓ સર્જાય છે તે ૧૦૦ દિવસમાંના ઉકેલી શકાય : વડાપ્રધાન મોદી



નવીદિલ્હી,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ધનતેરસ પર મેગા રિક્રૂટમેન્ટ ડ્રાઇવ લોન્ચ કરી છે. ૫૦ કેન્દ્રીય મંત્રીએ જુદાં-જુદાં લોકેશન પર ૭૫ હજાર યુવાનને નિમણૂકપત્ર આપ્યા છે. ભરતી અભિયાન દ્વારા દોઢ વર્ષમાં એટલે કે ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ૧૦ લાખ યુવાનને નોકરી આપવાનું લક્ષ્ય છે. આ નિમણૂકો કેન્દ્ર સરકારનાં ૩૮ મંત્રાલય અને વિભાગોમાં હશે. આ તમામ ભરતીઓ યુપીએસસી, એસએસસી,રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહી છે. વડાપ્રધાને આ વર્ષે જૂનમાં મંત્રાલયો/ વિભાગોમાં મેનપાવરની સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લીધો હતો.સમારોહ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાનોને સંબોધતાં કહ્યું હતું કે આજનો દિવસ ભારતની યુવા શક્તિ માટે મહત્ત્વપૂર્ણ દિવસ છે. છેલ્લાં ૮ વર્ષમાં દેશમાં રોજગાર અને સ્વરોજગારનું જે અભિયાન ચાલી રહ્યું છે, આજે તેની સાથે બીજી કડી જોડવામાં આવી છે. આ કડી જોબ ફેરની

વડાપ્રધાને કહ્યું હતું કે આજે આઝાદીનાં ૭૫ વર્ષને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર ૭૫ હજાર યુવાનને નિમણૂકપત્ર આપી રહી છે. છેલ્લાં ઘણાં વર્ષોમાં લાખો યુવાનોને નિમણૂકપત્રો પણ આપવામાં આવ્યાં છે. હવે અમે વિચાર્યું કે એકસાથે નિમણૂકપત્ર આપવાની પરંપરા શરૂ કરવી જોઈએ, જેથી વિભાગોમાં પણ સમયબદ્ધ પ્રક્રિયા અપનાવવાની પરંપરા બને. આગામી સમયમાં પણ આવી જ રીતે યુવાનોને નિમણૂકપત્ર આપવામાં આવશે. વિકસિત ભારતના સંકલ્પની સિદ્ધિ માટે આપણે આત્મનિર્ભર ભારતના માર્ગ પર ચાલી રહ્યા છીએ. આમાં, અમારા ઈનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો, ખેડૂતો અને ઉત્પાદન સહયોગીઓની મોટી ભૂમિકા છે. આજે ભારત વિશ્વની ૫મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ૭-૮ વર્ષમાં અમે નંબર ૧૦થી નંબર ૫ પર પહોંચી ગયા છીએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આજે અમારો સૌથી વધુ ભાર યુવાનોના કૌશલ્ય વિકાસ પર છે. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ દેશના ઉદ્યોગોની જરૂરિયાતો અનુસાર યુવાનોને તાલીમ આપવા માટે એક વિશાળ અભિયાન ચાલી રહ્યું છે. દેશમાં પહેલીવાર ખાદી અને ગ્રામોદ્યોગ રૂ. ૧ લાખ કરોડને પાર કરી ગયો છે. આ વર્ષોમાં ખાદી અને ગ્રામોદ્યોગમાં ૧ કરોડથી વધુ નોકરીઓનું સર્જન થયું છે. આમાં મોટી સંખ્યામાં આપણી બહેનોની જવાબદારી છે. સ્ટાર્ટ અપ ઈન્ડિયા અભિયાને સમગ્ર વિશ્વમાં દેશના યુવાનોની ક્ષમતા સ્થાપિત કરી છે. ૨૦૧૪ સુધી, જ્યાં દેશમાં માત્ર થોડાક સ્ટાર્ટ-અપ હતા, આજે આ સંખ્યા વધીને ૮૦ હજારથી વધુ થઈ ગઈ છે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં વધુમાં કહ્યું, 'છેલ્લા ૮ વર્ષમાં દેશમાં જે રોજગાર અને સ્વરોજગારનું અભિયાન ચાલી રહ્યું છે, આજે તેમાં વધુ એક કડી જોડાઈ છે. આ કડી રોજગાર મેળાની છે. આજે કેન્દ્ર સરકારે ૭૫ હજાર યુવાનોને નિમણૂંક પત્રો આપ્યા. વિકસિત ભારતના સંકલ્પની પરિપૂર્ણતા માટે આપણે આત્મનિર્ભર ભારતના માર્ગ પર ચાલી રહ્યા છીએ. આપણે સંશોધકો, ઉદ્યમીઓ, સાહસિકો, ખેડૂતો, સેવાઓ અને ઉત્પાદન સહયોગીઓની આમાં મોટી ભૂમિકા છે. આજે કેન્દ્ર સરકારના વિભાગોમાં આટલી તૈયારી, આટલી ક્ષમતા આવી ગઈ છે, તેની પાછળ છે ૭-૮ વર્ષની મહેનત, કર્મયોગીઓનો વિરાટ સંકલ્પ છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ×આજે ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ૭-૮ વર્ષમાં અમે ૧૦માં નંબરથી ૫માં નંબર પર આવી ગયા છીએ. આ શક્ય એટલા માટે થઈ રહ્યું છે કારણ કે છેલ્લા ૮ વર્ષમાં અમે દેશની અર્થવ્યવસ્થામાં સુધારો કર્યો છે. તે ખામીઓ દૂર કરવામાં આવી છે, જેનો ઉપયોગ અવરોધો બનાવવા માટે થતો હતો યુવાનોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે આજે અમારો સૌથી વધુ ભાર યુવાનોના કૌશલ્ય વિકાસ પર છે. તેમણે કહ્યું કે, 'પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના' હેઠળ, ઉદ્યોગોની જરૂરિયાતો અનુસાર યુવાનોને તાલીમ આપવા માટે દેશમાં એક વિશાળ અભિયાન ચાલી રહ્યું છે.

વડાપ્રધાને પોતાના સંબોધનમાં ગ્રામીણ વિસ્તારોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ગામડાઓમાં મોટી સંખ્યામાં રોજગાર સર્જનનું બીજું ઉદાહરણ આપણી ખાદી અને ગ્રામોદ્યોગ છે. તેમણે કહ્યું કે, 'ખાદી અને ગ્રામોદ્યોગ દેશમાં પહેલીવાર એક લાખ કરોડ રૂપિયાને વટાવી ગયા છે.

આ વર્ષોમાં ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગોમાં એક કરોડથી વધુ નોકરીઓનું સર્જન થયું છે. આમાં પણ મોટી સંખ્યામાં આપણી બહેનોનો હિસ્સો છે

કેન્દ્ર સરકાર દ્વારા મળેલી ૧૦ લાખ નોકરીઓ માટે કેન્દ્ર સરકારના ૩૮ મંત્રાલયો અને વિભાગોમાં ખાલી જગ્યાઓનો ડેટાબેઝ તૈયાર કર્યો હતો.આ વર્ષે જૂનમાં વડાપ્રધાને મંત્રાલયો અને વિભાગોમાં મેનપાવરની સમીક્ષા કરી હતી.

## મધ્યપ્રદેશના રીવામાં બસ અને ટ્રોલી અથડાતા ૧૫ લોકોના મોત, ૪૦થી વધુ ઘાયલ

### અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાય

ભોપાલ,તા.૨૨

એક તરફ દિવાળીના તહેવારોની ઉજવણી થઈ રહી છે. ત્યારે દરેક લોકો પોતાના સગા-સંબંધીઓના ત્યાં અથવા પોતાના વતનમાં પોતાના ગામમાં તહેવારની ઉજવણી માટે જઈ રહ્યાં હોય છે. એવા સમયે મધ્યપ્રદેશના રીવામાં કેટલાંક લોકો માટે આ તહેવારો મોતનું માતમ લઈને આવ્યાં. મધ્યપ્રદેશના રીવામાં આજે સવારે જ ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી. એક વિશાળ ટ્રોલી અને બસ વચ્ચે અકસ્માત થતાં ૧૫ લોકોના ઘટના સ્થળ પર જ મોત નિપજ્યાં છે. જ્યારે આ ઘટનામાં ૪૦થી વધુ લોકો ઘાયલ થયાં છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યુંકે, ઓછી લાઈટ અને હાઈસ્પીડના કારણે ડ્રાઈવર સંતુલન જાણવી શક્યો નહીં જેને કારણે આ અકસ્માત થયો હતો.

શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યે સોહાગી ટેકરી પર આ અકસ્માત થયો હતો. ઉત્તર પ્રદેશ પાસિંગની આ બસ મધ્યપ્રદેશના જબલપુરથી રીવા થઈને પ્રયાગરાજ જઈ રહી હતી. ટેકરીના ઢળાવ પરથી ઉતરતી વખતે બસ અકસ્માતનો ભોગ બની હતી. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે અકસ્માત થયો ત્યારે બસની સ્પીડ ખૂબ જ ઝડપી હતી. આ દુર્ઘટનામાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા હોવાના અહેવાલ છે. જ્યારે મોટી સંખ્યામાં મુસાફરો ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

સ્થાનિક લોકો પાસેથી અકસ્માતની માહિતી મળતાં જ સોહાગી પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢ્યા. બસમાં મોટાભાગે મજૂરો હતા જે દિવાળી મનાવવા પોતાના ઘરે જઈ રહ્યા હતા. પ્રશાસને અત્યાર સુધી આ અકસ્માતમાં ૧૫ લોકોના મોતની પુષ્ટિ કરી છે. સ્ટેશન પ્રભારી ઓમકાર તિવારીએ જણાવ્યું હતું કે, ૧૨ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે બે લોકોના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં જ્યારે એક વ્યક્તિનું રીવા સ્થિત સંજય ગાંધી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. આઠ લોકોની હાલત ખુબ જ ગંભીર હોવાનું કહેવાય છે.

રીવાના એસપી નવનીત ભસીને જણાવ્યુંકે, અકસ્માતમાં ઘાયલ થયેલા ૨૦ લોકોને ઉત્તર પ્રદેશના પ્રયાગરાજની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જે બસને અકસ્માત નડ્યો તે બસ હૈદરાબાદથી ગોરખપુર જઈ રહી હતી. બસમાં સવાર તમામ લોકો ઉત્તર પ્રદેશના રહેવાસી હોવાનું કહેવાય છે. મધ્યપ્રદેશના રીવામાં માર્ગ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કરતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથે મૃતકોના સંબંધીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. આ સાથે અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને યોગ્ય સારવાર મળે તેવી વિનંતી કરવામાં આવી છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિજનોને બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવાની સૂચના આપવામાં આવી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના મૃતદેહોને ઉત્તર પ્રદેશ પહોંચાડવા વિનંતી કરી છે.

## ઉદ્ધવ ઠાકરેને આઉટ કરવા માટે શરદ પવારે ગુગલી કરી : રામદાસ અઠાવલે

મુંબઇ,તા.૨૨

મુંબઇ ક્રિકેટ એસોસિએશનની ચુંટણીમાં એનસીપી સુપ્રીમો શરદ પવાર અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ એક સાથે આવી ગયા હતાં એસોસિએશનની ચુંટણી લડી રહેલ અમોલ કાલેને બંન્ને જ નેતાોએ સમર્થન આપ્યું હતું તેને લઇ હવે રાજનીતિમાં અનેક રીતની અટકળો શરૂ થઇ ગઇ છે.આરપીઆઇ નેતા કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલેએ પણ આગમાં ધી નાખવાનું કામ કર્યું છે.કેન્દ્રીય મંત્રી અઠાવલેએ કહ્યું કે શરદ પવારે પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને ગુગલી કરી છે અઠાવલેએ કહ્યું કે રાજનીતિમાં કંઇ પણ ફગાવી દેવાતું નથી શરદ પવાર અને ફડનવીસ બંન્ને સારા ખેલાડી છે હું લાંબા સમયથી કહેતો આવ્યો છું કે બંન્ને પોત પોતાના ખેલોનને સારી રીતે જાણે છે રાજનીતિમાં કાંઇ પણ થઇ શકે છે.

એ પુછવા પર કે શું બંન્ને નેતા ફકત એમસીએ ચુંટણીને લઇ મળ્યા છે આરપીઆઇ નેતાએ કહ્યું કે આ એક રાજકીય ગુગલી હતી ઉદ્ધવ ઠાકરેને આ ગુગલીની સાથે એકવાર ફરી બોલ્ડ કરવામાં આવશે પહેલા એકનાથ શિંદેએ તેમને આઉટ કર્યા અને હવે પવાર તેમને આઉટ કરશે

આ બાબતે એનસીપી નેતાઓનું કહેવુ છે કે પાર્ટી રાજનીતિ અને ખેલને અલગ અલગ રાખે છે તો અઠાવલેએ કહ્યું કે પવાર અને એનડીએને એકસાથે હોવું જોઇએ અને તેમણે નરેન્દ્ર મોદીની સાથે આવવું જોઇએ

આ પહેલા કોંગ્રેસ તરફથી પણ કહેવામાં આવ્યું હતું કે મુંબઇની અંધેરી બેઠક પર યોજાનાર પેટાચુંટણીમાં શરદ પવારના કહેવા પર જ ભાજપે પોતાનો ઉમેદવાર પાછો લીધો છે જો કે આ દરમિયાન એનસીપી તરફથી કહેવામાં આવ્યું કે શરદ પવાર અને ફડનવીસનો જોડાવ ફકત ખેલ સુધી જ સીમિત છે અને તેમાં પડવા માટે કાંઇ પણ નથી એ યાદ રહે કે ફડનવીસના એક નજીકના અમોલ કાલેએ મુંબઇ ક્રિકેટ એસોસિએશન ચુંટણીમાં જીત હાંસલ કરી છે તેને એનસીપી સુપ્રીમોએ પણ પોતાનું સમર્થન આપ્યું હતું.

## ઓકટોબરના અંતમાં ૧૦ દિવસમાં બેંકોમાં રજાઓની ભરમાન

નવીદિલ્હી,તા.૨૨

દિવાળીનો તહેવાર નજીક છે અને ધનતેરસના દિવસે ખરીદી કરનારા લોકોની યાદી લગભગ તૈયાર થઇ ચુકી છે ધરેથી નિકળી બદાર સુધી તહેવારોની રોનક નજરે પડી રહી છે.તહેવારોની સીજનમાં રજા પણ ખુબ આવી રહી છે આજથી એટલે કે ૨૨ ઓકટોબરથી સતત છ દિવસ બેંકો બંધ રહેશે.આ મહીનાના બાકી કુલ ૧૦ દિવસમાંથી આઠ દિવસ દેશના અલગ અલગ ભાગોમાં બેંકોમાં રજા રહેશે આથી તમે દિવાળી બાદ પણ બેંક જવા માટે નિકળો છો તો એકવાર કેલેન્ડર જરૂર જોઇ લેજો.

રાજયો અને શહેરોમાં બેંકોની રજા અલગ અલગ હોય છે અનેક રાજયોના મુખ્ય તહેવારો પર ફકત તેજ રાજયોમાં બેંકોમાં રજા રહે છે આ અઠવાડીયે શનિવાર અને રવિવાર ઉપરાંત પણ બેંક સતત ચાર દિવસ બંધ રહેનાર છે શનિવાર અને રવિવારની રજા મિલાવીએ તો સતત છ દિવસ બેંકો બંધ રહેશે

આજથી ૨૨ ઓકટોબર એટલે કે ચોથા શનિવારે તમામ જગ્યાએ બેંકો બંધ જયારે રવિવાર ૨૩ ઓકટોબરે હોવાથી તમામ જગ્યાએ બેંકો બંધ રહે છે ૨૪ ઓકટોબરે કાળી ચોદસ,દિવાળી લક્ષ્મીપુજન હોવાથી ગંગટોક,હૈદરાબાદ ઇમ્ફાલ છોડી તમામ જગ્યાએ રજા,૨૫ ઓકટોબર લક્ષ્મીપુજા દિવાળી ગૌવર્ધન પુજા,ગંગટોક હૈદરાબાદ ઇમ્ફાલ અને જયપુરમાં રજા રહેશે ૨૬ ઓકટોબર ગોવર્ધન પુજા વિક્રમ સંવત નવવર્ષ અમદાવાદ,બેલાપુર,દહેરાદુન,જમ્મુ કાનપુર મુંબઇ નાગપુર શિમલા અને શ્રીનગરમાં બેંકો બંધ રહેશે,૨૭ ઓકટોબર ભાઇબીજાના રોજ ગંગટોક ઇમ્ફાલ કાનપુર અને લખનૌ,૩૦ ઓકટોબર રવિવાર તમામ જગ્યાએ બેંકો બંધ રહેશે.૩૧ ઓકટોબર સરદાર વલ્લભભાઇ પટેલ જયંતિ નિમિતે રાંચી પટણા અમદાવાદમાં બેંકો બંધ રહેશે.હકીકતમાં બેંકમાં રજા વિવિધ રાજયોમાં ઉજવવામાં આવતા તહેવારો કે તે રાજયોમાં યોજાનાર અન્ય આયોજન પર નિર્ભર કરે છે.

## હિન્દુ મહાસભાની ભારતીય કરન્સી પર નેતાજીનો ફોટો લગાવવાની માગ

કોલકતા,તા.૨૨

અખિલ ભારતીય હિન્દુ મહાસભાએ ભારતીય કરન્સી પર મહાત્મા ગાંધીના સ્થાને નેતાજી સુભાષ ચંદ્ર બોઝનો ફોટો છાપવાની માગ કરી છે. હિન્દુ મહાસભાનું કહેવું છે કે આઝાદીની ચળવળમાં નેતાજીનું યોગદાન રાષ્ટ્રપિતા કરતાં ઓછું નહોતું.પશ્ચિમ બંગાળમાં હિન્દુ મહાસભાના કાર્યકારી અધ્યક્ષ ચંદ્રચૂડ ગોસ્વામીએ આ વાત કહી. તેમણે કહ્યું હતું કે નેતાજી સુભાષ ચંદ્ર બોઝનું સન્માન કરવાની આ શ્રેષ્ઠ તક છે. ગોસ્વામીના જણાવ્યા મુજબ, ભારતીય કરન્સી પર ગાંધીજીની તસવીર હટાવીને નેતાજીની તસવીર લગાવવી જોઈએ.

ગોસ્વામીની આ માગ પર તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસના નેતાઓએ નિશાન સાધ્યું હતું. આ પાર્ટીઓનું માનવું છે કે આ બધા પાછળ ભાજપનો હાથ છે. ભાજપે બંગાળમાં વિભાજનકારી રાજનીતિ બંધ કરવી જોઈએ. કોંગ્રેસનેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું હતું કે દેશની આઝાદીમાં ગાંધીજીની મહત્ત્વની ભૂમિકા હતી. આપણે બધા જાણીએ છીએ કે રાષ્ટ્રપિતાની હત્યા પાછળ કોનો હાથ હતો. તેમણે કહ્યું હતું કે ગાંધીજીના આદર્શોની દરરોજ હત્યા થઈ રહી છે.ગોસ્વામીએ પશ્ચિમ બંગાળમાં યોજાનારી પંચાયત ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં દરરોજ હિન્દુ બંગાળીઓ પર હુમલા થઈ રહ્યા છે. તેમનું રક્ષણ કરવા માટે ન તો TMC સક્ષમ છે અને ન તો BJP. અમે તેમના અધિકારો માટે લડીશું.

## વડાપ્રધાન મોદીએ દર વર્ષે ૨ કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું તેનું શું થયું: કોંગ્રેસ

નવીદિલ્હી,તા.કોંગ્રેસે શનિવારે કેન્દ્ર સરકારના રોજગાર મેળાને 'જુમલા કિંગ' કાર્યક્રમ ગણાવ્યો હતો. વિપક્ષી પાર્ટીએ પૂછ્યું કે દેશના યુવાનોને ૧૬ કરોડ નોકરીઓ આપવાનું વચન ક્યારે પૂરું થશે. કોંગ્રેસના મહાસચિવ રણદીપ સુરજેવાલાએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે તેઓ સત્તામાં આવ્યા ત્યારે દર વર્ષે ૨ કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું, જે છેલ્લા ૮ વર્ષમાં પૂર્ણ થયું નથી.

તેમણે કહ્યું કે 'ભારત જોડો યાત્રા' માત્ર ૪ રાજ્યોમાંથી પસાર થઈ છે અને સરકારે સ્વીકારવું પડશે કે બેરોજગારી દેશની સૌથી મોટી સમસ્યા છે. તેને 'ભારત જોડો યાત્રા'ની સૌથી મોટી ઉપલબ્ધિ ગણાવતા સુરજેવાલાએ ટ્વીટ કર્યું, 'અત્યાર સુધી ભારત જોડો યાત્રા માત્ર ચાર રાજ્યોમાંથી પસાર થઈ છે, પછી બધા 'જુમલા કિંગ'ને રાહુલ ગાંધીએ એવું માનવા માટે મજબૂર કર્યા કે બેરોજગારી એ લોકોની સમસ્યા છે. દેશ. સૌથી મોટી સમસ્યા. ઘટના નહીં રોજગાર આપો.

રણદીપ સુરજેવાલાએ કહ્યું કે વડાપ્રધાન મોદી જણાવે કે તમે ૧૬ કરોડ નોકરીઓ ક્યારે આપશો, કારણ કે તમે છેલ્લા ૮ વર્ષમાં દર વર્ષે ૨ કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું. ટ્વિટર પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં તેમણે કહ્યું કે, આ ૧૬ કરોડ નોકરીઓ ક્યારે પૂરી પાડવામાં આવશે અને સરકારી વિભાગોમાં ૩૦ લાખ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે. વડાપ્રધાને દેશના યુવાનોને જવાબ આપવો પડશે.

સુરજેવાલાએ કહ્યું કે કોંગ્રેસ વડાપ્રધાનને પ્રશ્ન પૂછતી રહેશે કે વચન મુજબ નોકરીઓ ક્યારે આપવામાં આવશે. ×ફક્ત ૭૦,૦૦૦ નિમણૂક પત્રો આપીને, વસ્તુઓ કામ કરશે નહીં,× તેમણે કહ્યું. દેશના યુવાનોને નોકરી જોઈએ છે અને તેના માટે વડાપ્રધાને જવાબ આપવો પડશે. રાહુલ ગાંધી અને કોંગ્રેસ ભારત જોડો યાત્રા દરમિયાન વડાપ્રધાનને આ સવાલ પૂછતા રહેશે.

વડાપ્રધાન મોદીએ શનિવારે રોજગાર મેળાની શરૂઆત કરી હતી, જે ૧૦ લાખ લોકોની ભરતી માટેનું અભિયાન છે.

## તંત્રી સ્થાનેથી...

# આતંકવાદ સામેની લડાઇને વૈશ્વિક પ્રાથમિકતા હોવી જોઇએ



*વૈશ્વિક સ્તરે વધતા જતા આતંકવાદી હૂમલા સામે સંયુકત રાષ્ટ્ર દ્ઘારા પણ આતંકવાદ સામે લડવા માટે દેશોને તૈયાર કરવા, સહયોગ આપવા અને તેમનું માર્ગદર્શન કરવા માટેનું બહુઆયામી આયોજન હાથ ધર્યુ છે. સંયુકત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરસે મુંબઈની તાજેતરની મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે, આતંકવાદ કયારેય સાચો ન હોઈ શકે, તે એક બુરાઈ છે અને તેને વર્તમાન દુનિયામાં કોઈ સ્થાન નથી. આતંકવાદ સામેની લડાઈ વૈશ્વિક પ્રાથમિકતા હોવી જોઈએ.*

*મુંબઈની હોટલ તાજમાં ૨૬/૧૧ના આંતકી હૂમલાના મૃતકોને શ્રદ્ઘાંજલિ આપ્યા બાદ તેઓએ મુંબઈ હૂમલાને આંતકવાદનું સૌથી બર્બર કૃત્ય પૈકીનું એક ગણાવ્યું હતું. જયારે હૂમલાના શિકાર ૧૬૬ પીડિતોને આજના હિરો તરીકે સન્માન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંયુકત રાષ્ટ્ર મહાસચિવ બન્યા બાદ ગુટેરસ સૌથી મહત્વનું કામ આતંકવાદ વિરોધી કાર્યાલયના ગઠનનું કર્યુ હતું. તેમનો ઉદ્દેશ આતંકવાદ સામે લડવા માટે દેશોને તૈયાર કરવા, સહયોગ આપવો અને માર્ગદર્શન આપવાનો છે. આ કાર્યાલય હિંસક ઉગ્રવાદની જડોની વિરુદ્ધમાં લડી રહ્યું છે.*

*ભારત સહિત દુનિયાના અન્ય દેશોમાં લૈંગિક સમાનતા માટે હજુ ઘણી કામગીરી બાકી હોવાનો નિર્દેશ કરતા ગુટેરસે જણાવ્યું હતું કે, કોઈપણ સમાજ ત્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત કરી શકતો નથી જયાં સુધી ત્યાંની મહિલાઓ, પુરૂષો, કિશોરીઓ અને બાળકો માટે સમાન અધિકાર અને સ્વતંત્રતા ન હોય. જો કે સંયુકત રાષ્ટ્રના મહાસચિવપદે મહિલા હોવા જોઈએનું કાર્ય તેઓ કરવા ઈચ્છતા હોવા છતાંયે ન કરી શકયાનો સ્વીકાર કર્યો હતો.*

*જો કે માનવાધિકારના સન્માન માટે મજબૂત પ્રતિબદ્ઘતાથી ભારતનો અવાજ વૈશ્વિક મંચ પર વિશ્વસનીયતા હાંસલ કરી શકે છે તેમ જણાવતા ગુટેરસે કહયું હતું કે, માનવાધિકાર પરિષદના સભ્ય હોવાના નાતે ભારતની જવાબદારી વૈશ્વિક માનવાધિકારને આકાર આપવાની વધી છે. જેમાં અલ્પસંખ્યક સમુદાય સહિત તમામ વ્યકિતઓના અધિકારોની રક્ષા કરવા અને તેમને પ્રોત્સાહન આપવાની બાબતનો પણ સમાવેશ થાય છે.*

# ચૂંટણીપંચે અધિકારીઓની બદલી મુદ્દે ગુજરાતના સીએસ અને ડીજીપી પાસે જવાબ માંગ્યો

નવીદિલ્હી,તા.૨૨

ચૂંટણી પહેલાં દર વખતે અધિકારીઓની બદલીઓ થતી હોય છે. નિયમાનુસાર ચૂંટણી પહેલાં અધિકારીઓને બદલી આવશ્યક હોય છે. કારણકે, ચૂંટણીમાં અધિકારીઓ દ્વારા જેતે સરકારની ફેવરનો કોઈ પ્રશ્ન સામે ન આવે તે આશયથી અધિકારીઓની બદલતી કરવામાં આવતી હોય છે. ત્યારે આવખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે. જોકે, તેમ છતાં અધિકારીઓની બદલી કરવામાં આવી નથી. આને કારણે અનેક સવાલો ખડા થાય છે. આ મુદ્દે કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત સરકારના મુખ્ય સચિવ અને રાજ્યના પોલીસ વડાને ફટકાર લગાવી છે.કેન્દ્રીય ચૂંટણી પંચે આ અંગે ગુજરાતના ચીફ સેક્રેટરી પંકજ કુમાર અને રાજયના DGP આશિષ ભાટિયા પાસે જવાબ માંગ્યો છે. ચૂંટણી પંચે આ બન્ને ઉચ્ચ અધિકારીઓ પાસે બદલીની પ્રક્રિયામાં વિલંબ માટેનો વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. ઉલ્લેખનીય છેકે, ચૂંટણીઓ પહેલાં આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવતી હોય છે. જોકે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાતને હવે ગણતરીના જ દિવસો બાકી છે તેમ છતાં હજુ સુધી આઈએએસ અને આઈપીએસ બેડામાં બદલીઓ કરવામાં નથી આવી તેના કારણે ચૂંટણી પંચે નારાજગી વ્યક્ત કરી છે. આ મુદ્દે ચૂંટણી પંચે જવાબદાર વિભાગોના વડાઓની ઝાટકણી કાઢી છે અને ત્વરિત આ બદલી પ્રક્રિયા પુરી કરવા માટે પણ આદેશ કર્યો છે. ચૂંટણી પંચે મુખ્ય સચિવ અને ડીજીપી, ગુજરાતને પત્ર લખીને રાજ્યમાં ટૂંક સમયમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીના આયોજન સાથે સીધા સંકળાયેલા અધિકારીઓની બદલી અને પોસ્ટિંગ સંબંધિત અનુપાલન અહેવાલો કેમ પ્રાપ્ત થયા નથી તે અંગે સ્પષ્ટતાની માંગી છે.

---

વિધવા થયા પછી
પીંછા જેવી હળવી થઈ,
સખી વિધવા થયા પછી,
પંખી જેવી આઝાદ થઈ,
સખી વિધવા થયા પછી.
ગમે ત્યાં ચરવા આઝાદ થઈ
સખી વિધવા થયા પછી
ગલીચ ગાળોથી આઝાદ થઈ,
સખી વિધવા થયા પછી.
મારકૂટમાંથી સાવ આઝાદ થઈ,
સખી વિધવા થયા પછી.
બળ,ભય,કપટથી આઝાદ થઈ
સખી વિધવા થયા પછી.
પરાધીન હતી તે પગભર થઈ,
સખી વિધવા થયાપછી.
પાચેય આંગળી ઘી માં રહી,
સખી વિધવા થયા પછી
રડવા મજબુત ખભો મળ્યો ,
સખી વિધવા થયા પછી
ભરત વૈષ્ણવ
૨૨.૧૦.૨૦૨૨.#કવિતા

# હિન્દુધર્મના પ્રસિદ્ધ બાર સંવાદ-૩



હિન્દુ ધર્મમાં વિશ્વના એવા બે મહાનુભાવો વચ્ચે થયેલ પ્રસિદ્ધ સંવાદને વાંચીને-સાંભળીને લાખો લોકોનું જીવન બદલાયું છે અને તેને વાંચીને દુનિયાભરના રાજનીતિજ્ઞો, વૈજ્ઞાનિકો,આધ્યાત્મિક અને દાર્શનિકોએ પોતાના અલગ ધર્મદર્શન,નીતિ અને વિજ્ઞાનના સિદ્ધાંતો બનાવ્યા છે.આપણે પણ તે સંવાદોને વાંચીશું તો અમારી જીંદગીમાં શાંતિ,દ્રઢતા,નિર્ભિકતા અને બુદ્ધિનો વિકાસ થશે.

ત્રીજો સંવાદ..યક્ષ-યુધિષ્ઠિર સંવાદઃ

યક્ષ અને યુધિષ્ઠિર વચ્ચે જે સંવાદ થયો હતો તેને યક્ષ પ્રશ્ન પણ કહેવામાં આવે છે.આ સંવાદ અધ્યાત્મ દર્શન કે ધર્મને લગતા ન હતા પરંતુ અમારી જીંદગી સાથે જોડાયેલા પ્રશ્નો છે.ભારતના ઐતિહાસિક ગ્રંથ મહાભારતમાં યક્ષ-યુધિષ્ઠિર સંવાદ નામનું બહુ ચર્ચિત પ્રકરણ છે.તેનું વિગતવાર વર્ણન વનપર્વના અધ્યાય ૩૧૨ થી ૩૧૪માં આવે છે.યક્ષે યુધિષ્ઠિરને કુલ ૧૨૪ પ્રશ્ન પુછ્યા હતા.યક્ષે પ્રશ્નોનો વરસાદ વરસાવી યુધિષ્ઠિરની પરીક્ષા લીધી હતી અને યુધિષ્ઠિરે યક્ષના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપીને યક્ષને સંતુષ્ઠ કર્યા હતા.છેલ્લે યક્ષે યુધિષ્ઠિરને ચાર પ્રશ્ન પુછ્યા હતા જેના જવાબ મળ્યા બાદ જ મૃત પાંડવો(અર્જુન ભીમ નકુળ અને સહદેવ)ને જીવિત કર્યા હતા.આ પ્રશ્નો સંસાર,સૃષ્ટિ,ઈશ્વર, પ્રકૃત્તિ,નીતિ,જ્ઞાન,ધર્મ,સ્ત્રી વગેરે અનેક વિષયોને લગતા હતા.

પાંડવો વનવાસ ભોગવી રહ્યા હતા.યુધિષ્ઠિરને ખૂબ તરસ લાગી હતી એટલે નકુલ પાણી લેવા ગયો પરંતુ પાણી લઈને પાછો ન આવ્યો એટલે સહદેવ ભીમ અર્જુન એક પછી એક તેને શોધવા માટે જાય છે. ચારે ભાઈઓમાંથી એકપણ ભાઈ પાછો ન આવતા ચિંતાતુર યુધિષ્ઠિર પોતે એમને શોધવા નીકળ્યા. કેટલેક દૂર ગયા ત્યાં સરોવરને કાંઠે ચારે ભાઈઓને તેમણે મૃત હાલતમાં જોયા.તેમની આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી.સરોવરમાં તેઓ પગ મૂકવા જાય છે ત્યાં એક યક્ષ બોલ્યો કે ×ખબરદાર..પહેલાં મારા પ્રશ્નોના જવાબ આપો પછી પાણી પીવું હોય તો પીજો.મારી વાત ધ્યાને નહી લો તો તમારા ભાઈ જેવા જ તમારા હાલ થશે.

યુધિષ્ઠીરે કહ્યું કે હું તમારા અધિકારની વસ્તુ લઇ જવા નથી માંગતો.હું મારી પોતાની બડાઇ કરવા માંગતો નથી પરંતુ મારી બુદ્ધિ અનુસાર આપના પ્રશ્નોના જવાબ આપવા પ્રયત્ન કરીશ.આપ પ્રશ્નો પૂછો. યક્ષ જે પ્રશ્નો પુછે છે એના એક એકથી ચડિયાતા ઉત્તારો યુધિષ્ઠિર આપે છે.એક એક સવાલ અને જવાબ ઊંડું ચિંતન અને મનન માંગી લે છે.હવે પ્રશ્નો જોઇએ..

યક્ષે પુછ્યું કે સૂર્યનો ઉદય કોન કરાવે છે? તેની ચારે બાજુ કોન ચાલે છે? તેને અસ્ત કોન કરે છે? ત્યારે યુધિષ્ઠિરે કહ્યું કે બ્રહ્મ સૂર્યને ઉપર ઉઠાવે છે (ઉદય કરાવે) છે,દેવતાઓ તેની ચારે બાજું ચાલે છે,ધર્મ તેને અસ્ત કરે છે અને તે સત્યમાં પ્રતિષ્ઠિત છે.

મનુષ્ય ક્ષોત્રિય કોનાથી થાય છે? મહત્પદને કોના દ્વારા પ્રાપ્ત કરી શકાય છે? તે કોના દ્વારા દ્વિતિયવાન થાય છે? અને કોના દ્વારા બુદ્ધિમાન થાય છે? વેદાધ્યાન દ્વારા મનુષ્ય ક્ષોત્રિય થાય છે,તપથી મહત્પદ પ્રાપ્ત થાય છે,ધૈર્યથી દ્વિતિયવાન(બીજા સાથીથી યુક્ત) થાય છે અને વૃદ્ધ પુરૂષોની સેવાથી બુદ્ધિમાન થવાય છે.

બ્રાહ્મણોમાં દેવત્વ શું છે? તેમાં સત્પુરૂષોનો ધર્મ શું છે? તેમનો મનુષ્યભાવ શું છે? અને તેમાં અસત્પુરૂષોનું આચરણ કેવું હોય છે? વેદોનો સ્વાધ્યાય જ બ્રાહ્મણોમાં દેવત્વ છે,તપ સત્પુરૂષોનો ધર્મ છે, મરવું મનુષ્યભાવ છે અને નિંદા કરવી અસત્પુરૂષોનું આચરણ છે.

ક્ષત્રિયોમાં દેવત્વ શું છે? તેમાં સત્પુરૂષોનો ધર્મ શું છે? તેમનો મનુષ્યભાવ શું છે? અને તેમનામાં અસત્પુરૂષોનું આચરણ કેવું હોય છે? બાણવિદ્યા ક્ષત્રિયોમાં દેવત્વ છે,યજ્ઞ તેમના સત્પુરૂષોનો ધર્મ છે,ભય માનવીય ભાવ છે અને શરણમાં આવેલ દુઃખિયાઓને પરીત્યાગ કરવો એ અસત્પુરૂષોનું આચરણ છે.

કંઇ વસ્તુ યજ્ઞિય સામ છે? કોન એક યજ્ઞિય યજુ છે? કંઇ એક વસ્તુ યજ્ઞનું વરણ કરે છે? અને ક્યા એકનો યજ્ઞ અતિક્રમણ નથી કરતો? પ્રાણ જ યજ્ઞિય સામ છે,મન જ યજ્ઞ સબંધી યજુ છે,એકમાત્ર ઋચા જ યજ્ઞનું વરણ કરે છે અને તેમનો યજ્ઞ અતિક્રમણ કરતો નથી.

ખેતી કરનારાઓ માટે કંઇ વસ્તુ શ્રેષ્ઠ છે? વાવવામાં ક્યા શ્રેષ્ઠ છે? પ્રતિષ્ઠા પ્રાપ્ત ધનવાનો માટે કંઇ વસ્તુ શ્રેષ્ઠ છે? તથા સંતાનોત્પાદન કરવાવાળામાં શું શ્રેષ્ઠ છે? ખેતી કરનારાઓ માટે વર્ષા શ્રેષ્ઠ છે, વાવવામાં બીજ શ્રેષ્ઠ છે,પ્રતિષ્ઠા પ્રાપ્ત ધનવાનોમાં ગાયનું પાલન-પોષણ અને સંગ્રહ શ્રેષ્ઠ છે તથા સંતાનોત્પાદક માટે પુત્ર શ્રેષ્ઠ છે.

એવા કયો પુરૂષ છે જે બુદ્ધિમાન લોકોમાં સન્માનિત અને તમામ પ્રાણીઓનો માનનીય બનીને તથા ઇન્દ્રિયોના વિષયોનો અનુભવ કરતાં તથા શ્વાસ લેવા છતાં વાસ્તવમાં જીવિત નથી? જે દેવતા અતિથિ ભરણીય કુટુંબીજનો પિતર અને આત્મા આ પાંચોનું પોષણ કરતો નથી તે શ્વાસ લેવા છતાં પણ જીવિત કહેવાતો નથી.

પૃથ્વીથી ભારે શું છે? આકાશથી ઉંચું કોન છે? વાયુથી તેજ ચાલનાર કોન છે? અને તણખલાથી અધિક((અસંખ્ય) શું છે? માતાનું ગૌરવ પૃથ્વીથી અધિક છે,પિતા આકાશથી ઉંચા છે,મન વાયુથી તેજ ચાલનાર છે અને ચિંતા તણખલાથી અધિક અસંખ્ય તથા અનંત છે.

સૂતી વખતે કોન આંખ બંધ કરતું નથી? ઉત્પન્ન થઇને પણ કોન ચેષ્ઠા કરતું નથી? કોનામાં હદય હોતું નથી અને વેગથી કોન ચાલે છે? માછલી સૂતી વખતે આંખ બંધ કરતી નથી,ઇંડુ ઉત્પન્ન થઇને પણ ચેષ્ઠા કરતું નથી,પત્થરમાં હદય હોતું નથી અને નદી વેગથી ચાલે છે.

પ્રવાસી(પરદેશના યાત્રી)નો મિત્ર કોન છે? ગૃહસ્થનો મિત્ર કોન છે? રોગીનો મિત્ર કોન છે? અને મૃત્યુની નજીક પહોંચેલ પુરૂષનો મિત્ર કોન? સહયાત્રિઓનો સમુદાય અથવા સાથમાં યાત્રા કરનાર સાથી જ પ્રવાસીનો મિત્ર છે,પત્ની ગૃહસ્થની મિત્ર છે,વૈધ(ડાંકટર) રોગીનો મિત્ર છે અને દાન મૃત્યુની નજીક પહોંચેલ પુરૂષનો મિત્ર છે.

તમામ પ્રાણીઓનો અતિથિ કોન છે? સનાતન ધર્મ શું છે? અમૃત શું છે? અને આ સમગ્ર જગત શું છે? અગ્નિ તમામ પ્રાણીઓનો અતિથિ છે,અવિનાશી નિત્ય ધર્મ જ સનાતન ધર્મ છે,ગાયનું દૂધ અમૃત છે અને વાયુ એ સમગ્ર જગત છે.

એકલો કોન વિચરણ કરે છે? એકવાર ઉત્પન્ન થયા પછી કોન ફરીથી ઉત્પન્ન થાય છે? શિતળતાની ઔષધિ શું છે? અને મહાન ક્ષેત્ર કયું છે? સૂર્ય એકલો વિચરણ કરે છે,ચંદ્રમા એકવાર ઉત્પન્ન થયા પછી ફરીથી ઉત્પન્ન થાય છે,અગ્નિ શિતળતાની ઔષધિ છે અને પૃથ્વી મહાન ક્ષેત્ર છે.

ધર્મનું મુખ્ય સ્થાન ક્યું છે? યશનું મુખ્ય સ્થાન ક્યું છે? સ્વર્ગનું મુખ્ય સ્થાન ક્યું છે? અને સુખનું મુખ્ય સ્થાન ક્યું છે? ધર્મનું મુખ્ય સ્થાન દક્ષતા છે, યશનું મુખ્ય સ્થાન દાન છે, સ્વર્ગનું મુખ્ય સ્થાન સત્ય છે અને સુખનું મુખ્ય સ્થાન શીલ છે.

મનુષ્યની આત્મા શું છે? તેનો દેવકૃતસખા કોન છે? તેનો ઉપજીવન(જીવનનો સહારો) કોન છે? અને તેનો પરમ આશ્રય કોન છે? પૂત્ર મનુષ્યની આત્મા છે,સ્ત્રી દેવકૃત સહચરી છે,મેઘ જીવનનો સહારો છે અને દાન પરમ આશ્રય છે.

ધન્યવાદને યોગ્ય પુરૂષમાં ઉત્તમ ગુણ કયા હોય છે? ધનોમાં ઉત્તમ ધન કયું? લાભોમાં મુખ્ય લાભ કયો? અને સુખોમાં ઉત્તમ સુખ કયું? ધન્યવાદને યોગ્ય પુરૂષોમાં દક્ષતા ઉત્તમ ગુણ છે,ધનોમાં શાસ્ત્રજ્ઞાન ઉત્તમ ધન છે,લાભોમાં સ્વાસ્થ્ય-આરોગ્ય શ્રેષ્ઠ છે. (તેથી આપણે શરીર બગડે તેવું ખાવું ન જોઇએ,પહેલું સુખ તે જાતે નર્યા,તમાકુનું કોઇપણ પ્રકારનું સેવન ન કરવું,ઠંડા પીણા ક્યારેય ન પીવા,વ્યસનોથી દૂર રહેવું જોઇએ) અને સુખોમાં સંતોષ એ જ ઉત્તમ સુખ છે.

સૌથી મોટું સુખ કયું? લોકોમાં શ્રેષ્ઠ ધર્મ કયો છે? નિત્ય ફળ આપનાર ધર્મ કયો? કોને વશમાં રાખવાથી મનુષ્યને શોક થતો નથી? અને કોની સાથે કરવામાં આવેલી મિત્રતા નષ્ટ થતી નથી? સંતોષ એ સૌથી મોટું સુખ છે. (સંતોષી નર સદા સુખી) આલોકમાં દયા શ્રેષ્ઠ ધર્મ છે,વેદોક્ત ધર્મ નિત્ય ફળ આપનાર છે,મનને વશ રાખવાથી મનુષ્યને શોક થતો નથી અને સત્પુરૂષો સાથે કરવામાં આવેલી મિત્રતા નષ્ટ થતી નથી.

કંઇ વસ્તુનો ત્યાગ કરવાથી મનુષ્ય બધાનો પ્રિય થાય છે? કોનો ત્યાગ કરવાથી શોક થતો નથી? કોનો ત્યાગ કરવાથી ધનવાન બનાય છે? અને કોનો ત્યાગ કરવાથી સુખી થવાય છે? માનનો ત્યાગ કરવાથી મનુષ્ય બધાનો પ્રિય થાય છે.(નમે તે સૌને ગમે) ક્રોધનો ત્યાગ કરવાથી શોક થતો નથી, કામનો ત્યાગ કરવાથી અર્થવાન બનાય છે અને લોભનો ત્યાગ કરવાથી સુખી થવાય છે.(ક્રમશઃ)

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# અમેરિકા મોદી શાસનને બદલવા માટે ખૂબ જ સખત મહેનત કરી રહ્યું છે. હિલેરી-ઓબામા ટોળી માટે તે ટોચની એજન્ડા આઈટમ છે જે પ્રેસિડેન્ટ બિડેન પાછળની વાસ્તવિક શક્તિ છે.

*તમારા દુશ્મનોને ઓછો આંકશો નહીં. પીએમ મોદીની સમસ્યા એ નથી કે તેઓ હિંદુ રાષ્ટ્રવાદી છે પરંતુ સમસ્યા એ છે કે તેમને ખરીદી શકાતા નથી. અને CIA આવા માણસોને ધિક્કારે છે. યાદ રાખો કે CIA એ ભારતના ક્રાયોજેનિક એન્જિનના વિકાસને કેવી રીતે નષ્ટ કર્યુ. નામ્બી નારાયણન અને અન્યોને ખરીદી શકાયા ન હતા - તેથી તેઓએ કોંગ્રેસના પોકળ ભારતીય રાજકારણીઓ સાથે મળીને ક્રાયોજેનિક એન્જીન રેસમાં આગળ પડતા ઈસરોના વૈજ્ઞાનિકોને બદનામ કરવા માટે જાસૂસ - વેશ્યાવૃત્તિની રીંગ બનાવી હતી. કોર્ટે આજે ઈસરોના વૈજ્ઞાનિકોને મુક્ત કરી દીધા છે - પરંતુ મૂલ્યવાન સમય ગુમાવ્યો હતો અને વૈજ્ઞાનિકોની એક પેઢીને કામ કરતા અટકાવવામાં આવી હતી.*

*ઓબામા હિલેરી ટોલીની આર્મ્સ, ફાર્મા અને ઓઈલ લોબીમાં ૩ મહિલાઓ છેઃ સુસાન રાઈસ, સમન્થા પાવર અને વિક્ટોરિયા નુલેન્ડ.*

*વિક્ટોરિયા યુએસ ડીપ સ્ટેટના શાસન પરિવર્તન એજન્ટ તરીકે ઓળખાય છે. તે ૨૦૧૩માં યુક્રેનમાં EUROMAIDAN વિરોધ પ્રદર્શનની આર્કિટેક્ટ છે. તમે જોઈ શકો છો કે તે કેટલી ખતરનાક રીતે સક્ષમ છે.*

*માર્ચ ૨૦૨૨ માં દિલ્હીની તેણીની મુલાકાત વખતે, તેણીએ ખુલ્લેઆમ LeLi (left liberal) ગેંગ, પત્રકારો, PIL કાર્યકરો સાથે મુલાકાત કરી હતી અને TN રાજ્યના નેતાઓ સાથે ગુપ્ત બેઠકો કરી હતી. પપ્પુ અને ડીએમકે બોલતા હતા કે ભારત યુનિયન ઓફ સ્ટેટ્સ મોડેલ છે તે આ કારણે. આગામી દિવસોમાં આ ગેંગ કેટલીક નવી વાર્તાઓ બહાર પાડસે*

*વિક્ટોરિયા નુલેન્ડ ના પ્રવાસ દરમિયાન મુખ્ય હેતુ "થોરિયમ" હતો, તમિલનાડુ એટલે થોરિયમ અને થોરિયમ એટલે તમિલનાડુ.*

*ઉપરાંત, સુબ્રમણ્યમ સ્વામી રામ સેતુને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવા ઉત્સુક છે. આ થોરિયમને રોકવા માટે, રાજ્યસભામાં તેમના માટે ઘણી માહિતી અવરોધિત કરવામાં આવી હતી. CIA ભારતમાં એજન્ટને ગુમાવવા માંગતી નથી.*

*આ જ નુલેન્ડ ભારતમાં અમને રશિયા સામે અમેરિકાને સમર્થન આપવાનો પ્રયાસ કરી રહ્યો છે. અને જ્યારે ભારતમાં તે ઘણા **CAA** વિરોધી જૂથ/લોકોને મળી - શા માટે? તેણે સુપ્રીમ કોર્ટના વકીલ કરુણા નંડી સાથે ઘણો સમય વિતાવ્યો. હવે કરુણા એ કહેવા માટે જાણીતી છે કે "ટ્રિપલ તલાક એ પસંદગીની સ્વતંત્રતા છે. જો કોઈ હિન્દુ પુરુષ તેની પત્નીને કહી શકે કે "હું તને છૂટાછેડા આપવા માંગુ છું" તો મુસ્લિમને ટ્રિપલ તલાક કહેવાનો અધિકાર છે. ખરેખર? મુસ્લિમ પર્સનલ લો મુજબ ટ્રિપલ તલાકનો શાબ્દિક રીતે તલાકમાં અંત આવે છે. ઉપરાંત તે ઝછછનો વિરોધ કરી રહી છે અને ખેડૂતોના આંદોલન વગેરેમાં પંજાબને સમર્થન આપી રહી છે.*

*તે પીએમ મોદીની વિરુદ્ધ એવા પ્રભાવકોને મળી રહી છે જેથી સીઆઈએ દ્વારા જરૂરી નાણાં પૂરા પાડવામાં આવે. પંજાબ માં પહેલાથી જ અરવિંદ કેજરીવાલ ને CIA દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ અને તે ફોર્ડ ફાઉન્ડેશન પુરસ્કાર મેળવે છે.*

*યુક્રેનમાં યુરોમેઈડન વિરોધઃ યુક્રેન સરકારના યુરોપિયન યુનિયન-યુક્રેન એસોસિયેશન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર ન કરવાના અચાનક નિર્ણયને બદલે રશિયા સાથે ગાઢ સંબંધો પસંદ કરવાને કારણે વિરોધ ફાટી નીકળ્યો હતો. સીઆઈએને આ સ્વીકાર્ય ન હતું.*

*ફેબ્રુઆરી ૨૦૧૪ માં યુક્રેનની રાજધાની કિવમાં વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચેની ઘાતક અથડામણો ચૂંટાયેલા રાષ્ટ્રપતિ વિક્ટર યાનુકોવિચની હકાલપટ્ટી અને યુક્રેનની સરકારને ઉથલાવવામાં પરિણમ્યા.*

*તરત જ યુક્રેન પાસે યુએસ તરફી રાષ્ટ્રપતિઓ હતા અને હન્ટર બિડેન (વર્તમાન યુએસ પ્રમુખના પુત્ર) એટ અલ યુક્રેનમાં ઉતર્યા હતા અને વ્યવસાયો તોડી નાખ્યા હતા અથવા તેમના ભાગીદાર બન્યા હતા. આ યુએસમાં નુલેન્ડ અને ડેમોક્રેટિક પાર્ટી સાથે જોડાયેલા બિઝનેસમેન હતા.*

*ભારતમાં દ્રઝમ્એ અત્યાર સુધીમાં આશરે રૂ. ૮ લાખ કરોડની કિંમતના ૮૦૦૦૦ કિલો ડ્રગ્સનો નાશ કર્યો છે. જેમણે રૂપિયા ૮ લાખ કરોડનું ડ્રગ્સ ગુમાવ્યું, શું તેઓ મોદીને નફરત નહીં કરે?*

*ઈડીએ અત્યાર સુધીમાં ભ્રષ્ટાચારીઓ પાસેથી રૂ. ૧,૨૦,૦૦૦ કરોડનું કાળું નાણું જપ્ત કર્યુ છે. કાળું નાણું ગુમાવનારા મોદીને નફરત નહીં કરે?*

*મોદીએ Pfizer અને Moderna પાસેથી કોરોના રસી આયાત કરી નથી.*

*તેમણે સ્વદેશી રસી વિકસાવવામાં મદદ કરી અને ભારતમાંથી ફાઈઝરના અપેક્ષિત વ્યવસાયનો નાશ કર્યો. મોદી યોગ, આયુર્વેદ, સ્વચ્છતા અને નિવારક ઉપચાર પર ધ્યાન આપી રહ્યા છે.*

*શું આ આંતરરાષ્ટ્રીય ફાર્મા લોબી મોદીને ધિક્કારશે નહીં?*

*મોદીએ હથિયારોના ડીલરો પાસેથી ખરીદી બંધ કરી અને ફ્રાન્સ પાસેથી સીધા રાફેલ ખરીદ્યા. મોદીએ ભારતમાં સંરક્ષણ સાધનો બનાવવાનું શરૂ કર્યું અને સંરક્ષણ ખરીદીમાં ઘટાડો કર્યો. શું અત્યંત શક્તિશાળી આંતરરાષ્ટ્રીય સંરક્ષણ લોબી મોદીને ધિક્કારશે નહીં?*

*મોદીએ મધ્ય પૂર્વમાંથી મોંઘા તેલ ખરીદવાનું બંધ કર્યું અને રશિયા પાસેથી ડિસ્કાઉન્ટ દરે, જંગી માત્રામાં ખરીદવાનું શરૂ કર્યું. શું આ મિડલ ઈસ્ટ ઓઈલ માફિયા મોદીને નફરત નહીં કરે?*

*મોદી ભારતની સડેલી વ્યવસ્થાને સાફ કરી રહ્યા છે. ૭૫ વર્ષથી આપણું લોહી ચૂસી રહેલા ભ્રષ્ટાચારીઓ મોદી સામે એક થયા છે. મોદીને રોકવા માટે તેઓ કંઈ પણ કરશે.*

*વિશ્વ પર ૩ શક્તિશાળી લોબીઓનું શાસન છેઃ*

*૧. સંરક્ષણ લોબી*
*૨. તેલ લોબી*
*૩. ફાર્મા લોબી*

*મોદી આ ત્રણેય લોબીઓ સામે એક સાથે યુદ્ધ કરી રહ્યા છે. હવે તમે જાણો છો કે આ લોકો મોદીને આટલો નફરત કેમ કરે છે?*

*મોદીને એક વધારે ટર્મ મળે તો આ ભ્રષ્ટ લોકોનો બિલકુલ સફાયો થશે. મોદી પાસે એક જ શક્તિ છે અને તે છે ભારતની જનતા. તેની સાથે ઊભા રહો.*

*જય હિન્દ.*

# છકડો- રાષ્ટ્રીય વાહન??

હાથમાં છકડાના પ્લેકાર્ડ લઇ રાજુ રદી ,ભીડમાં ડ્રાઈવર સીટે અધુકડો બેસી મોતના કૂવાના ખેલ કરતો હોય તેમ સાપની જેમ ચાલતો ચાલતો મારા ઘરમાં પ્રવેશ્યો.

એકટર કમ એંકર રણવીર સિંહના 'બીગ પિકચર' શોની માફક રેપીડ કવેશ્ચન રાઉન્ડ શરૂ કર્યો.

" ગિરધરભાઇ . આપણું રાષ્ટ્રીય પક્ષી કયું?"

"મોર. બાકી તો ગીધ હોવું જોઇએ " મારો જવાબ

" આપણું રાષ્ટ્રીય ફૂલ?"

" કમળ. બાકી ધતૂરો હોવું જોઇએ "

" આપણું રાષ્ટ્રીય પ્રાણી?

" વાઘ . બાકી તો શિયાળ હોવું જોઇએ"

" ગિરધરભાઇ, છેલ્લો સવાલ. આપણું રાષ્ટ્રીય વાહન?"

હું માથું ખંજવાળવા લાગ્યો.

રાજુ રદી પ્રખ્યાત ચિત્ર મોનાલીસા જેવું રહસ્યમય સ્મિત કરવા લાગ્યો.

" ગિરધરભાઇ,આપણે એક મુહિમ છેડવી પડશે. આપણો વોટસએપ,ફેઇસબુક, ઇન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ, ટવિટર પર પીટીશન સમર્થન માટે મુકીશું. તમામ એમએલએ/એમપી. મંત્રી, તંત્રી , સંત્રીને અરજી મોકલીશું રેફરન્ડમ લઈશું. યુનોની કે એમનેસ્ટીની મદદ લઈશું. આપણું રાષ્ટ્રીય વાહન ન હોય તે શર્મજનક લાંછન છે. પક્ષાપક્ષીથી ઉપર ઉઠાવે રાષ્ટ્રીય વાહન લઈને જ રહીશું" રાજુએ રાષ્ટ્રીય વાહન આંદોલનની બ્લુ પ્રિન્ટ કે રોડ મેપ રજૂ કર્યો. આઇ એમ ઇમ્પ્રેસ્ડ ધેટ રાજુ આમ તર્કબધ્ધ વિચારી શકે છે.

" રાજુ આપણું રાષ્ટ્રીય વાહન કયું હોવું જોઇએ? મેં રાજુને પૂછયું

"સાઇકલ "

રાજુએ જવાબ આપ્યો.

" ના. કંઇક સ્માર્ટ વિચાર"

" કાર?"

" ગરીબ દેશ માટે લકઝરી ગણાય"

" સ્કૂટર/ બાઇક"

" થોડું ચિપ લાગે છે"

"ગિરધરભાઇ, છકડો બારે માસ કેવો રહે?"રાજુ રદીએ જય છકડા મહારાજ કહીને માનો કે જવાબ આપ્યો.

રાજુની પસંદગી લાજવાબ છે. છકડો ગ્રીસના સ્પાર્ટન યોધ્ધા જેવો ખડતલ છે. છકડો ઓપન એર મુસાફરી કરાવે છે. આપણને પ્રકૃતિ સાથે કનેકટેડ રાખે છે.છકડો સસ્તા ભાડનું લાખો લોકોના ટ્રાન્સપોર્ટેશનનું અસરદાર અને અસરકારક માધ્યમ છે. અમીર-ગરીબનો ભેદ નેસ્તનાબૂદ કરે છે.છકડો મૂડીવાદ નહીં પણ સમાજવાદ અને સામ્યવાદનું ધોતક કે સૂચક છે. છકડાનો ડાંડો ઠંડીમાં ઠંડો, ગરમીનાં ગરમ અને ચોમાસામાં ભીનો રહેવાથી કુદરત સાથે સમતોલન કે તાદાત્મ્ય સાધવાનો સોનેરી ચાન્સ આપે છે. છકડાનો ભટભટ અવાજ ખાલી ચણો ખખડે ધણો તેની પ્રતીતિ કરાવે છે.છકડાનો વિકલ્પ માત્ર અને માત્ર છકડો છે. નરસિંહ મહેતા એટલે જ કહીગયા છે.' અખિલ બ્રહ્માંડમાં એક તું છકડો જુજવે રૂપે અનંત ભાસે!'

રાજુએ મને ઉચકી જ લીધો.પ્રસિધ્ધ અને એકમેવ તેમ જ અદ્વિતીય હાસ્યકાર બકુલ ત્રિપાઠીના અમર પાત્ર બબલદાસની જેમ રાજુ રદી બોલતો રહ્યો" ગિરધરલાલ આગે બઢો ,હમ તુમ્હારે સાથ હૈ!"

ગૌરવાન્વિત છકડાના ડ્રાઇવરની જેમ વટ કે સાથ રાજુ રદીએ કોલર ઉંચા રાખી મારા ઘરમાંથી ધડધડાટ વિદાય થયો!!

ભરત વૈષ્ણવ
૨૨.૧૦.૨૦૨૨.# હાસ્યલેખ

ન્યૂઝ ઓફ ગાંધીનગર

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



અલ્પા મહેતા "એક અહેસાસ"
વિષય - દિવાસ્વપ્ન
પ્રકાર - પદ્ય
NGO : 127

જોવું છે મારે ,પણ
"એક દિવાસ્વપ્ન"
ઓહ! આ કાળું ડિબાંગ અંધારું !
વિખરાવાનું નામ જ નથી લેતું
કેટ કેટલા કોડ સેવ્યા છે ,
હૃદયમાં જોવાને "એક દિવાસ્વપ્ન "
આ નબળી વૃદ્ધ આંખોથી
હવે ઝાઝું દેખાતું નથી.
સંગીતની લયમાં મારું
આ સમણું ધીરે ધીરે ડોલી રહ્યું છે,
જુવે છે વાટ એક સાનિધ્યની
કે હમણાં જ આવીને ,
બાથમાં લઈ લેશે મને,
અરે !મદમાં ચૂર આ માણસમાં,
સમણાં ને સમાવી લેવાની
ભાવના હોય એવું લાગતું નથી.
જોવું છે મારે પણ
"એક દિવાસ્વપ્ન"
ઓહ !આ કાળું ડિબાંગ અંધારું
વિખરાવાનું નામ જ નથી લેતું .
ખેલથી ખેલ સુધી રહી ગઈ છે,
આ " માણસાઈ"
અંધાધૂંધ ,આછકલાઈની ,
પટ્ટી ગઈ છે પહેરાઈ
હર એક માનવીમાં વધી ગઇ છે ચતુરાઈ
આ અંધાપાની દુનિયામાં
મારે કેમ કરીને જોવું "એક દિવાસ્વપ્ન"!
જોવું છે મારે પણ
"એક દિવાસ્વપ્ન"
ઓહ !આ કાળું ડિબાંગ અંધારું
વિખરાવાનું નામ જ નથી લેતું .
આંતરડી મારી ખૂબ બળે છે,
જેને પણ હું જોંઉ એ મને કહેતા ફરે છે
"અબોધ અબોધ જો આ ચાલ્યો જાય છે
દેખાતું નથી તોય બસ દોડ્યો જાય છે,"
એ લોકોને શું ખબર "મન ની આંખ" શું છે?
એ તો અંજાયેલા છે ચમક દમકથી,
એ લોકો ને શું ખબર ,
દિવાસ્વપ્ન શું છે..?
આ ભ્રમિત માણસોનાં મનમાં
હવે મન હોય એવું કંઈ લાગતું નથી.
જોવું છે મારે પણ
"એક દિવાસ્વપ્ન"
ઓહ !આ કાળું ડિબાંગ અંધારું
વિખરાવાનું નામ જ નથી લેતું ..

---

: *N.O.G. S.S. No. 0102*.
નામ:- રતીલાલ વાયડા
વિષય:-. દિવા સ્વપ્ન.
પ્રકાર:- ગદ્ય લેખ
શીર્ષક:- સ્વપ્ન સાકાર થયું.
રચના:-

ધ્યેય ઘણા વર્ષો સુધી શું ભણવું શું બનવું તેમાં રાચ્યે રાખતો હતોનાનપણથી જ દિવા સ્વપ્ન આવ્યા રાખતા હતા.

પણ બધામાં તેને બેંકની નોકરી ગમી ગઇઅનેરમતગમતમાં પણ ખૂબ રસ પડવા લાગ્યો. ક્રિકેટ ટેનિસ વગેરેમાં તેને મજા આવતી હતી.

બારમા ધોરણ વિજ્ઞાન પ્રવાહમાં ખૂબ સારા માર્ક આવ્યા અને ત્યાર પછી વિજ્ઞાન પ્રવાહમાં ન જતા તેણે કોમર્સ લાઈન પસંદ કરી અને બી .બી .એ. માં ૮૫% જેટલા માર્ક લઈને અને તેણે સફળતા હાંસલ કરી.

ત્યાર પછી તેણે બેક્િંગનો કોર્સ કર્યો. તેમાં પણ તેને સારી સફળતા મળી અને ત્યાર પછી તેણે બેંકનો ઇન્ટરવ્યૂ આપ્યો અને તેને વિદેશની બેંકમાં સારી એવી નોકરી મળી ગઈ.

દિવા સ્વપ્ન સાકાર કરવા માટે તેણે સખત તનતોડ મહેનત કરી અને અંતે પોતાના મનવાંછીત સિદ્ધિ પ્રાપ્ત કરી.

સાથે રમતગમતમાં પણ ટેનિસ નો એ પોતે પ્રસિદ્ધ ખેલાડી બન્યો અને રાજ્ય કક્ષા સુધી ટેનિસમાં તેને સારા ઇનામો પ્રાપ્ત કર્યા.

જો માનવી એક ચિત્તે અને નિષ્ઠાપૂર્વકની મહેનત કરે તો ધારેલા પરિણામ પ્રાપ્ત કરી શકાય છે તેનું આ એક સુંદર ઉદાહરણ છે.

દિવા સ્વપ્ન સાકાર કરવા માટે દઢ મનોબળ અને નિષ્ઠાપૂર્વકની મહેનત એ સફળતા લાવે છે.

લેખક:- "રતીલાલ વાયડા"
નવી મુંબઈ.
૨૨/૧૦/૨૦૨૨. શનિવાર.

---

NOG SS. NO. 0097
વિષય:દિવા સ્વપ્ન
પ્રકાર: ગદ્ય
શીર્ષક: મનોકામના

આપણા મિશાયલમેન આદરણીય શ્રી કલામ સાહેબ એવું કહેતા કે—ઉઘાડી આંખે સ્વપ્ન જુઓ અને એને સાકાર કરવા અથાગ મહેનત કરો. પરંતુ આજે મોટા ભાગના લોકો ઉઘાડી આંખે દીવા સ્વપ્ન જ જોતાં હોય છે. એ પછી સામાન્ય પણ હોય અને દિવ્ય પણ હોય શકે. સ્વપ્ન ને આપણે ધ્યેય પણ કહી શકીએ.પરંતુ ફક્ત ધ્યેય નક્કી કરીને સ્વપ્નમાં જ રાચવું.એ શેખચલ્લી

જેવી વાત થઈ. આપણને કંઈ પણ હાંસલ કરવાની પહેલા ઈચ્છા થાય.પછી આપણે વિચારો કર્યા કરીએ અને એ વિચારો નો અમલ થાય એ માટે પ્રયત્ન ઓછા અને મનોકામના પૂર્ણ થાય એ માટે પ્રભુના જુદા જુદા સ્વરૂપોની માનતાઓ માનીએ. હૃદય પૂર્વક પ્રાર્થના કરવી અને અંધશ્રદ્ધા થી માનતા માનવી. આ બંને ભિન્ન બાબતો છે.

પ્રથમ પગથિયું વિચાર,ત્યારબાદ સ્વપ્ન અને એ પૂર્ણ
કરવાની મનસા.ત્યારબાદ પલાનિંગ અને પલાંનિગ મુજબની સખત મહેનત. છેલ્લે મનોકામના પૂર્ણ થાય એ માટે પ્રભુને હૃદય પૂર્વક પ્રાર્થના.

આ રીતે સ્વપ્ન પુરા કરી શકાય. દીવા સ્વપ્નમાં રાચવાથી સમયની બરબાદી અને સમાજમાં બદનામી જ મળે

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-સિડની
૨૨/૧૦/૨૨

## પાકિસ્તાન ફાયનાન્સ એકશન ટાસ્ક ફોર્સના 'ગ્રે'માંથી બહાર : ભારતે ચિંતા વ્યક્ત કરી

**પાકિસ્તાન પર જે આર્થિક નિયંત્રણ આવી ગયા હતા તે દૂર થતા તે આતંકીઓ સામે નિર્ણાયક કામગીરી કરશે કે કેમ તે અંગે પણ પ્રશ્રૃન છે.**

નવીદિલ્હી,તા.૨૨

ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં ત્રાસવાદની 'નિકાસ' કરી રહેલા પાકિસ્તાનને ચાર વર્ષ બાદ પ્રથમ વખત ફાયનાન્સ એકશન ટાસ્ક ફોર્સના ગ્રે લીસ્ટમાંથી બહાર કરવામાં આવતા ભારતે આકરા પ્રત્યાઘાતમાં જણાવ્યું હતું કે ગ્રે લીસ્ટમાં હોવાના કારણે પાકિસ્તાન પર જે આર્થિક નિયંત્રણ આવી ગયા હતા તે દૂર થતા તે આતંકીઓ સામે નિર્ણાયક કામગીરી કરશે કે કેમ તે અંગે પણ પ્રશ્રૃન છે.

પેરિસમાં મળેલી બેઠકમાં પાકિસ્તાનને ફાયનાન્સીલ ટાસ્ક ફોર્સના ગ્રે લીસ્ટમાંથી બહાર મુકવાનો નિર્ણય લેવાયો હતો. તા.૨૦ અને ૨૧ ઓક્ટોબરના સિંગાપુરમાં જે બેઠક મળી હતી તેમાં આ નિર્ણય લેવાતા હવે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ, એશિયન ડેવલોપમેન્ટ બેંક, યુરોપીયન બેંકમાંથી નાણાકીય મદદ મળશે. પાકિસ્તાનના અર્થતંત્રની જે ખરાબ હાલત છે તેમાં તેને રાહત મળશે. ભારતે ગઈકાલે તે અંગે પ્રતિભાવ આપતા કહયું કે ગ્રે લીસ્ટમાંથી બહાર આવ્યા બાદ પાકિસ્તાન આતંકવાદીઓ સામે તેની કાર્યવાહી ચાલુ રાખશે તેવી આશા છે.ભારતના વિદેશ વિભાગના પ્રવક્તાએ આકરા શબ્દોમાં કહ્યું આ ગ્રે લીસ્ટમાં હોવાના કારણે અત્યાર સુધી પાકિસ્તાનમાં આતંકી સંગઠનો અને તેની સામે જોડાયેલા એકમો સામે દેખાવ પૂરતી પણ કાર્યવાહી થતી હતી. પરંતુ હવે આ પ્રકારના લીસ્ટમાંથી પાકિસ્તાન બહાર નીકળતા તે ત્રાસવાદી સંગઠનો સામે કાર્યવાહી યથાવત રાખશે તેવી આશા છે.

ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં ત્રાસવાદની 'નિકાસ' કરી રહેલા પાકિસ્તાનને ચાર વર્ષ બાદ પ્રથમ વખત ફાયનાન્સ એકશન ટાસ્ક ફોર્સના ગ્રે લીસ્ટમાંથી બહાર કરવામાં આવતા ભારતે આકરા પ્રત્યાઘાતમાં જણાવ્યું હતું કે ગ્રે લીસ્ટમાં હોવાના કારણે પાકિસ્તાન પર જે આર્થિક નિયંત્રણ આવી ગયા હતા તે દૂર થતા તે આતંકીઓ સામે નિર્ણાયક કામગીરી કરશે કે કેમ તે અંગે પણ પ્રશ્રૃન છે.

પેરિસમાં મળેલી બેઠકમાં પાકિસ્તાનને ફાયનાન્સીલ ટાસ્ક ફોર્સના ગ્રે લીસ્ટમાંથી બહાર મુકવાનો નિર્ણય લેવાયો હતો. તા.૨૦ અને ૨૧ ઓક્ટોબરના સિંગાપુરમાં જે બેઠક મળી હતી તેમાં આ નિર્ણય લેવાતા હવે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ, એશિયન ડેવલોપમેન્ટ બેંક, યુરોપીયન બેંકમાંથી નાણાકીય મદદ મળશે.પાકિસ્તાનના અર્થતંત્રની જે ખરાબ હાલત છે તેમાં તેને રાહત મળશે. ભારતે ગઈકાલે તે અંગે પ્રતિભાવ આપતા કહયું કે ગ્રે લીસ્ટમાંથી બહાર આવ્યા બાદ પાકિસ્તાન આતંકવાદીઓ સામે તેની કાર્યવાહી ચાલુ રાખશે તેવી આશા છે.

ભારતના વિદેશ વિભાગના પ્રવક્તાએ આકરા શબ્દોમાં કહ્યું આ ગ્રે લીસ્ટમાં હોવાના કારણે અત્યાર સુધી પાકિસ્તાનમાં આતંકી સંગઠનો અને તેની સામે જોડાયેલા એકમો સામે દેખાવ પૂરતી પણ કાર્યવાહી થતી હતી. પરંતુ હવે આ પ્રકારના લીસ્ટમાંથી પાકિસ્તાન બહાર નીકળતા તે ત્રાસવાદી સંગઠનો સામે કાર્યવાહી યથાવત રાખશે તેવી આશા છે.

## વિક્લી માર્કેટ રિપોર્ટ
# સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૭૪૧ અને ચાંદીમાં રૂ.૪૮૭ની નરમાઈ: ક્રૂડ તેલ રૂ.૧૮૪ ઢીલું

**કપાસ, કોટનના વાયદાના ભાવમાંમાં વૃદ્ધિ: મેન્થા તેલમાં ઘટાડો: કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૧૯૫૬૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૯૭૪૮૩ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૪૨૦ કરોડનાં કામકાજ**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૪ થી ૨૦ ઓક્ટોબરના સપ્તાહ દરમિયાન ૩૭,૭૦,૩૪૨ સોદાઓમાં કુલ રૂ.૩,૧૭,૪૬૨.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૧૯૫૫૯.૮૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૯૭૪૮૨.૭૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૮૩,૭૦૦ સોદાઓમાં કુલ રૂ.૫૪,૩૯૯.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૭૯૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૦,૯૭૪ અને નીચામાં રૂ.૫૦,૦૬૫ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૪૧ ઘટી રૂ.૫૦,૧૪૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૬૮ ઘટી રૂ.૪૦,૦૮૬ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬૪ ઘટી રૂ.૪,૯૭૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૫૫૧ના ભાવે ખૂલી, રૂ.૬૭૭ ઘટી રૂ.૪૯,૯૩૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૭,૨૨૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૫૧૭ અને નીચામાં રૂ.૫૪,૯૧૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ. ૪૮૭ ઘટી રૂ.૫૬,૬૫૩ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૪૯૩ ઘટી રૂ.૫૭,૧૪૦ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૨૯ ઘટી રૂ.૫૭,૨૫૯ બંધ થયો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૬૧,૩૨૬ સોદાઓમાં રૂ.૨૪,૮૪૮.૭૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧૦.૭૦ ઘટી રૂ.૧૯૭.૭૫ અને જસત ઓક્ટોબર વાયદો રૂ.૨.૦૫ વધી રૂ.૨૭૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧૧.૪૫ ઘટી રૂ.૬૪૬.૮૫ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫,૩૯,૬૦૪ સોદાઓમાં કુલ રૂ.૪૦,૦૮૯.૨૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૨૬૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૩૧૯ અને નીચામાં રૂ.૬,૭૪૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૮૪ ઘટી રૂ.૭,૦૯૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦૬.૭૦ ઘટી રૂ.૪૪૫.૮૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૩,૫૦૩ સોદાઓમાં રૂ.૨૨૨.૨૧ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૦૬.૫૦ બંધ થયો હતો. કોટન ઓક્ટોબર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૪૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૪,૦૦૦ અને નીચામાં રૂ.૩૨,૦૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૧૧૦ વધી રૂ.૩૩,૦૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૧.૮૦ ઘટી રૂ.૯૬૭.૩૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૪,૧૮૩.૮૬ કરોડનાં ૪૭,૯૮૦.૬૧૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૦,૨૧૫.૮૦ કરોડનાં ૫,૩૩૫.૬૫૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૪,૭૩૯.૮૮ કરોડનાં ૨,૦૯,૩૫,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૫,૩૪૯ કરોડનાં ૫ ૧ ૩ ૩ ૨ ૦ ૦ ૦ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૪૬.૬૩ કરોડનાં ૪૭૦૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭૫.૫૨ કરોડનાં ૭૬૯.૬૮ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૧૪૬.૬૪૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૪૦.૧૭૬ ટન, ક્રૂડ તેલમાં ૩૯૩૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૮૩૦૧૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૭૨૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૯૦.૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૪૧૯.૫૬ કરોડનાં ૬,૦૪૯ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૪,૦૦૨ના સ્તરે ખૂલી, ૧૮૧ પોઈન્ટ ઘટી ૧૩,૮૨૫ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧,૯૭,૪૮૨.૭૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૭૫૮.૨૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૬૩.૪૦ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૨,૮૩૩.૫૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૭,૯૧૦.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

## 'Development in Action': Indian Envoys Visit Aspirational Districts, Hail PM Modi's Amrit Sarovar Mission

NEWS 18 OCTOBER 22, 2022



PM Modi on Thursday participated in the 10th Heads of Missions Conference, which is being organized from October 20-22 in Kevadia by the Ministry of External Affairs. Hailing the Amrit Sarovar Mission, Indian envoys said they saw practical implementation and development taking place at the grassroots, focusing on environment and conservation.

## Uttarakhand: Neither wrinkles nor tiredness on his face...this is how PM Modi's style was in Badri-Kedar, see glimpses in pictures

AMAR UJALA OCTOBER 22, 2022



Prime Minister Narendra Modi, reached Badrinath and Kedarnath on Friday and his excitement was visible in the Dham. There were no wrinkles or tiredness on his face. In Kedarnath with extreme geographical conditions where even the youth feel tired. There, the enthusiasm of the Prime Minister was infusing a new consciousness among the youth. At the same time, his outfit remained the center of attraction.

## PM Modi offers prayers at Kedarnath, lays foundation stone for ropeway project

THE TIMES OF INDIA OCTOBER 22, 2022



Prime Minister Narendra Modi offered prayers at the famous Kedarnath temple in Uttarakhand's Rudraprayag district and laid the foundation stone for the Gaurikund-Kedarnath ropeway project on Friday. Wearing a white-coloured traditional attire of the hill people with a "swastika" symbol embroidered on it, the prime minister performed a "puja" at the temple.

## દરગાહ અંજુમન કમિટીના અધિકારીના પુત્રની ધરપકડ, આતંકવાદીને આશ્રય આપવાનો આરોપ

અજમેર,તા.૨૨

રાજસ્થાનના અજમેરમાં હાલ પંજાબ પોલીસે ધામા નાખ્યા છે. પંજાબ પોલીસે માત્ર બે દિવસના ગાળામાં અજમેરમાં ફરી એકવાર મોટી કાર્યવાહી કરી છે અને અન્ય એક કેસમાં અજમેર દરગાહના ખાદિમ અને અંજુમન સંસ્થાના અધિકારીના પુત્રની ધરપકડ કરવામાં આવી છે.સ્થાનિક પોલીસને પણ આ કાર્યવાહીની જાણ નહોતી. મળતી માહિતી મુજબ, પંજાબ પોલીસે અહીં દરગાહ વિસ્તારના રહેવાસી તૌસીફ ચિશ્તી નામના વ્યક્તિની ધરપકડ કરી છે. પંજાબ પોલીસ તેને પોતાની સાથે લઈ ગઈ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, તૌસીફ ચિશ્તી પર પંજાબના કુખ્યાત અપરાધીને આશ્રય આપવાનો અને ગુનામાં સામેલ હોવાનો આરોપ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પંજાબ પોલીસે આતંકવાદીને આશરો આપવા બદલ તેની ધરપકડ કરી છે. તૌસીફે આતંકી ચરત સિંહને અજમેરમાં આશ્રય આપ્યો હતો. ચરાટ અને તેના સાથીઓ વતી મોહાલીમાં પોલીસ હેડક્વાર્ટર પર RPG હુમલો કરવામાં આવ્યો હતો.

# પર્યાવરણ જાગૃતિ અંગે ચિત્ર સ્પર્ધા યોજાઈ






કુદરતના આ અણમોલ સર્જન સમી આ પૃથ્વી એક માત્ર જીવંત ગ્રહ છે. તેના પર માનવીય હસ્તક્ષેપ ના કારણે હવા,પાણી અને જમીનનું પ્રદુષણ થયું છે જેના કારણે ઘણી બધી પર્યાવરણીય સમસ્યાઓ ઉભી થાય છે. પર્યાવરણનું જતન કરવું એ આપડા સૌની નૈતિક ફરજ છે. જેના જાગૃતિ અર્થે પર્યાવરણ જાગૃતિ અંગે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી વિભાગ પ્રેરિત નીસર્ગ સાયન્સ સેન્ટર,ગાંધીનગર અને ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ,સાબરમતી,અમદાવાદ અને ગાંધીનગર પ્રાદેશિક કચેરી,જી.પી.સી.બી ના સયુંકત ઉપક્રમે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિસર્ગ સાયંસ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.અનીલ પટેલ,શ્રી યશ બોરીશા, સંયોજક, ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ,સાબરમતી,અમદાવાદ. અને શ્રી મેહુલભાઈ પટેલ,પ્રોફેસર ઉપસ્થિત રહ્યા હતા. ચિત્ર સ્પર્ધાનો વિષય ચાલો આપણા પર્યાવરણને ભૂલી ન જઈએ,આ દિવાળી ઈકો-ફ્રેન્ડલી દિવાળી માનવીએ.,પ્રદૂષણનો ભાગ નહીં, ઉકેલનો ભાગ બનીએ. ,ઈ-વેસ્ટ એકત્રિકરણ માં યોગદાન સહયોગ આપીએ. રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ એ પર્યાવરણ બચાવો માટેના ઉપાયોને સરસ રીતે કાગળ પર ચિત્ર સ્વરૂપે રજુ કર્યા હતા તેમજ પર્યાવરણ બચાવવા માટેના સુત્રો પણ લખ્યા હતા.આ સ્પર્ધામાં ૩૮ જેટલા વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.જેમાં કેટેગરી-૧, (ધોરણ-૪ થી ૮) માં પ્રથમ વિજેતા તરીકે વૈદિક જૈન,દ્વિતીય વિજેતા તરીકે ખુશી વાઘેલા અને તૃતીય વિજેતા તરીકે જલધિ એ.પરીખ,તેમજ ચોથું આશ્વાસન ઈનામ ધનિષ્ઠા પી.વર્મા તેમજ કેટેગરી-૨(ધોરણ-૮ થી-૧૦ ) માં પ્રથમ વિજેતા તરીકે પટેલ પરી અજયકુમાર, દ્વિતીય વિજેતા ઝાલા યુવરાજસિહ અને તૃતીય વિજેતા તરીકે શ્રુત કે શાહ,વિજેતા બન્યા હતા. બંને કેટેગરીના વિજેતાઓને ઈનામ તેમજ રોકડ પુરસ્કાર અને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ રૂપે ગીફ્ટ અને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભવિષ્યમાં પર્યાવરણની જાળવણી માટે કેવા કેવા પગલા લઈ શકાય તે અંગે પોતાના વિચારો પણ રજુ કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી શ્રી શિવાંગ પટેલ, શ્રી વિજય સોલંકી એ ભારે જહેમત ઉઠાવી હતી.

## અંબાજીમાં ભાજપ નેતા અને મંત્રીએ રાહુલ ગાંધીની સરખામણી કમા સાથે કરી

### કોંગ્રેસે કહ્યું- ભાજપે માનસિક સંતુલન ગુમાવ્યું

અંબાજી,તા.૨૨

મધ્યપ્રદેશના મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા વિશ્વાસ સારંગનો એક વીડિયો વાઈરલ થયો છે. વીડિયોમાં નેતા કહી રહ્યા છે, ×આ કોણ છે? આ તો 'કમો' છે... તમે જોઈ શકો છો કે કમાએ તેની યાત્રા શરૂ કરી હતી, તેને 'ભારત જોડો' કહી રહ્યા છે. તે ગરીબી હટાવો વિશે વાત કરે છે, પરંતુ પોતે ૪૦ હજાર રૂપિયાની કિંમતનું ટી-શર્ટ પહેરે છે. સારંગ વીડિયોમાં સોનિયા ગાંધીને નિશાન બનાવતાં કહે છે કે કમાની 'મમ્મી' 'મનમોહન સિંહ'ને રિમોટથી કંટ્રોલ કરતી હતી.આ નિવેદન વિશ્વાસ સારંગે અંબાજીમાં પાર્ટીની બેઠક દરમિયાન કર્યું છે.

ભાજપનેતા વિશ્વાસ સારંગ ગુજરાતના અંબાજીમાં ભાજપ કાર્યકરોને સંબોધિત કરી રહ્યા હતા. શુક્રવારે ભાજપમંત્રીએ કોંગ્રેસનેતા રાહુલ ગાંધીની તુલના દિવ્યાંગ કલાકાર 'કમા' સાથે કરી હતી. કોંગ્રેસે 'દિવ્યાંગ કલાકાર'ની મજાક ઉડાવવા બદલ ભાજપની ટીકા કરી અને કહ્યું- ભાજપ રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા' અભિયાનથી નારાજ છે.

કમો પોતાના અનોખા ડાન્સને કારણે ગુજરાતમાં લોકપ્રિય છે. કમો કદાચ ડાઉન સિન્ડ્રોમ નામની બીમારીથી પીડિત છે. સોશિયલ મીડિયામાં વાઈરલ વીડિયોમાં મંત્રીને રાહુલ ગાંધીની સરખામણી કમા સાથે કરી મજાક ઉડાવતા સાંભળી શકાય છે.

મંત્રીએ કહ્યું-×તે ગરીબી હટાઓ વિશે વાત કરે છે, પરંતુ પોતે ૪૦ હજાર રૂપિયાની કિંમતનું ટી-શર્ટ પહેરે છે. સારંગ વીડિયોમાં સોનિયા ગાંધીને નિશાન બનાવતાં કહે છે કે કમાની 'મમ્મી' 'મનમોહન સિંહ'ને રિમોટથી કંટ્રોલ કરતી હતી×.

કોંગ્રેસે દિવ્યાંગ કલાકાર કમાની મજાક ઉડાવવા બદલ ભાજપની આલોચના કરી છે. આ અંગે પ્રતિક્રિયા આપતાં ગુજરાત કોંગ્રેસના પ્રવક્તાએ કહ્યું હતું કે કમો એક દિવ્યાંગ કલાકાર છે. રાહુલ ગાંધીની 'ભારત જોડો' યાત્રાને કારણે ભાજપના નેતાઓએ માનસિક સંતુલન ગુમાવી દીધું છે. માત્ર રાહુલ ગાંધીની સરખામણી કરીને મંત્રી રોકાતા નથી.

# શિક્ષિત મહિલા અને તેમાં પણ ખેડૂત મહિલા એટલે જામનગરના મધુબહેન ચેતરિયા

**અળસીયા આધારિત ખાતરનું ઉત્પાદન કરી 'સજીવ ખેતી' કરી મેળવે છે પાકમાં નફો**

**રાસાયણિક ખાતરોથી પ્રદૂષિત થયેલી જમીનને કુદરતી પોષક તત્વો પૂરું પાડતું વર્મીકમ્પોસ્ટ**

એક શિક્ષિત મહિલા ઈચ્છે તો શું ન કરી શકે! એક નવીન વિચાર અને નવા પ્રયોગ સાથે મધુબહેન ચેતરીયા લગ્ન બાદ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે નવતર પ્રયોગ કરતા થયા. લગ્ન પહેલાં તેમણે ક્યારેય ખેતી નહોતી કરી; પરંતુ લગ્ન બાદ તેઓએ પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં પોતાનો ડંકો વગાડ્યો છે. તેઓ એક ખેડૂત મહિલા તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરવામાં સફળ રહ્યા છે. તેઓ જીવનમાં ક્યારેય વિચાર્યું ન હોય અથવા કર્યું ન હોય તેવું કામ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે કરી રહ્યા છે. જામનગર શહેરની બહાર એક નાનકડી જમીનમાં જુદા જુદા પ્રયોગો પ્રાકૃતિક ક્ષેત્રે તેઓ કરી રહ્યા છે.

સંયુક્ત પરિવારમાં રહેતા, જામનગરના નિવાસી અને દેવભૂમિ દ્વારકાના વતની મધુબહેન જામનગરના કલ્યાણપુર તાલુકાના ગાંગડી ગામ ખાતેની ૧૦૦ વીઘાની સહયારી જમીન પર પ્રાકૃતિક ખેતી કરે છે. તેઓ આ જમીન પર વાવેતર કરીને પ્રાકૃતિક ખેતીના સહારે અલગ અલગ પાકનું ઉત્પાદન કરે છે. મધુબહેન ખેતી ક્ષેત્રે સૌથી વધુ અસરકારક અને કુદરતી હોય તેવી અ ળ સિ યા ના ખાતર(વર્મીકમ્પોસ્ટ)ની ખેતી કરે છે. જ્યારે લોકડાઉન નો સમય હતો ત્યારે મધુબહેનને અળસિયા આધારિત ખાતર એટલે કે વર્મીકમ્પોસ્ટ બનાવવાનો વિચાર આવ્યો હતો. વર્મીકમ્પોસ્ટ બનાવવા માટે મધુબહેન ૦ થી ૪૫ ડિગ્રી તાપમાનમાં ટકી રહેતા ઓસ્ટ્રેલિયન પ્રજાતિના અળસિયાનો ઉપયોગ કરે છે. આ અળસિયા ૨૪ કલાક સતત સક્રિય હોય છે. પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન આ અળસિયા સંખ્યામાં ચાર ગણા થઈ જતા હોય છે. જમીનમાં ૪'૩૦ ફૂટની એક બેડ તૈયાર કરીને તેની આજુબાજુ ઈંટોની દોઢ ફૂટ ઊંચી દીવાલ કરી તેમાં છાણ નાખવામાં આવે છે. આ એક બેડમાં ૩૦ કિલો અળસિયા નાખવામાં આવે છે. આ બેડને યુ શેપમાં રાખીને તેને પ્લાસ્ટિકથી ઢાંકી દઈને દિવસભર તેની પર પાણીનો છંટકાવ કરવામાં આવે છે. આ કારણે સતત દિવસ દરમિયાન તેમાં ભિનાશ જળવાઈ રહે છે અને આ રીતે મધુબહેન ખાતર (વર્મીકમ્પોસ્ટ) તૈયાર કરે છે.

કોરોના કાળમાં ઓર્ગેનિક વસ્તુઓની માંગ વધતા જાન્યુઆરી ૨૦૨૧ માં મેરઠ ખાતેથી અળસિયાના ખાતર અંગેની ટ્રેનિંગ લીધી, ત્યારબાદ મધુબહેને પ્રતિ કિલો ૩૦૦ ના ભાવના ૧૦૦ કિલોગ્રામ અળસિયાની ખરીદી કરી ૩૦ બેડ થી અળસિયાના ખાતર બનાવવાની શરૂઆત કરી. તેમનું માનવું છે કે, વર્મીકમ્પોસ્ટથી તથા પ્રાકૃતિક ખેતીથી દરેક ખેડૂતને ૫૦% જેટલો નફો થઈ શકે છે.



મધુબહેને જામનગરમાં લોકડાઉન દરમિયાન જ પોતાના પરિવારના સભ્યો માટે ઓર્ગેનિક શાકભાજી ઉગાડવાની શરૂઆત કરી હતી. સમય જતા રાસાયણિક ખાતરના વિકલ્પરૂપે એક વર્ષ પહેલા ૩૦ બેડથી વર્મીકમ્પોસ્ટ યુનિટ ઊભું કર્યું હતું. આજે તેનું વિસ્તરણ કરીને ૧૦૦ બેડ દ્વારા વર્મી કમ્પોસ્ટ તૈયાર કરે છે. બીજો એક નવતર પ્રયોગ તેમણે સુકા લેવામાં વપરાતી બદામ માટે કર્યો. તેઓ પ્રાકૃતિક ખેતી તથા વર્મીકમ્પોસ્ટની મદદથી જ તૈયાર કરાયેલી બદામનો અનોખો પાક તૈયાર કર્યો.

મધુબહેન ઘણા સમયથી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે છે. આત્મા પ્રોજેક્ટ અંતર્ગત જામનગર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સાથે તેઓ વર્ષોથી જોડાયેલા છે. પોતાના ઉત્પાદનનું મૂલ્ય વૃદ્ધિકરણ કરી તેઓ જાતે જ તેનું વેચાણ કરે છે.

પ્રાકૃતિક ખેતીનો સહારો હાલના સમયમાં એટલા માટે જરૂરી છે કારણ કે, જમીનમાં કેમિકલ અને પ્રદૂષણની ભરમાર હોય છે. સામાન્ય રીતે થતી ખેતીમાં કેમિકલ અને પ્રદૂષણની આડઅસર થતી હોય છે. આ કારણે માનવ શરીરમાં ઘણા બધા જીવલેણ રોગોનો પ્રવેશ થાય છે. ખેતી ક્ષેત્ર ઉત્પાદન વધારવા માટે આજનો ખેડૂત જમીનમાં રાસાયણિક ખાતર, જંતુનાશક દવાના નામે જમીનમાં ઝેર ભેળવી રહ્યો છે. આજે ખોરાક મારફતે આ ઝેર લોકોના શરીરમાં પહોંચે છે અને લોકોના શરીરમાં કેન્સર જેવી જીવલેણ બીમારીઓ ઉત્પન્ન કરે છે. જમીનને કુદરતી પોષક તત્વોની આવશ્યકતા રહે છે તે માટે જમીનને સમય સમયે ઓર્ગેનિક ખાતર આપવું જોઈએ તેવું મધુબહેનનું માનવું છે. કુદરતી ખાતર માંથી જરૂરી પોષક તત્વો જેવા કે, કાર્બન, ફોસ્ફેટ વગેરે મળી રહે છે. આ કુદરતી પોષક તત્વોના અભાવના કારણે પાકમાં ફૂગ અને ફંગસ જેવા રોગો જોવા મળે છે.



મધુબહેનનો એક ધ્યેય છે કે, ગુજરાતના તમામ ખેડૂતો ખાસ કરીને મહિલા ખેડૂતો આ ખાતર અપનાવે, તેનું ઉત્પાદન કરે, તેમાંથી કમાણી કરે તથા સજીવ ખેતી અપનાવે. ગુજરાતના કોઈપણ ખેડૂતને અળસિયાના ખાતર અને કે કોઈપણ જાતનું માર્ગદર્શન જોઈતું હોય ત્યારે મધુબહેન નિઃશુલ્ક માર્ગદર્શન અને રાહત ભાવે અળસિયા આપવાની તૈયારી બતાવે છે. ગુજરાતમાં ખેડૂતો જમીનની ગુણવત્તા સુધારવા પ્રાકૃતિક ખેતી તરફ વળે અને 'સજીવ ખેતી' કરે તેવી તેમની આશા છે.

શ્રદ્ધા ટીકેશ, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ.

# ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ- G3Q મેગા ફિનાલે ક્વિઝ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ટ્રાન્સસ્ટેડિયા ખાતે 'ગુજરાત જ્ઞાન ગુરુ - G3Q મેગા ફિનાલે ક્વિઝ' પ્રસંગે જણાવ્યું હતુ કે, રાજ્ય સરકારની કામગીરી જેમ કે સરકાર કેવી રીતે કામ કરી રહી છે, સરકાર ક્યાં કામ કરી રહી છે, કંઇ યોજનાઓ સરકાર દ્વારા ચલાવવામાં આવી રહી છે તેની માહિતી ગુજરાતની જનતા સુધી પહોંચાડવાનું કામ આ ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝે કર્યું છે. મુખ્યમંત્રી શ્રીએ સમગ્ર ક્વિઝનું આયોજન કરવા બદલ શિક્ષણ વિભાગનો આભાર પણ વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઇનો હરહંમેશથી પ્રયાસ રહ્યો છે કે દરેક વ્યક્તિ સરકારની સાથે જોડાયેલી રહે અને તેનું ઉત્તમ ઉદાહરણ ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝે પૂરું પાડ્યું છે. શ્રી નરેન્દ્રભાઈએ છેવાડા માનવીને સરકારી યોજનાનો લાભ મળે તેવા પ્રયાસો કર્યા છે. આજે શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજય સરકારની તમામ યોજનાઓ લાભ સાચા લાભાર્થીઓને મળી રહ્યો છે. એટલું જ નહીં સરકારની યોજનાનો લાભ લાભાર્થીઓને તેમના ઘર સુધી પણ પહોંચાડવામાં આવી રહ્યો છે એમ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં ગુજરાત આવનારા સમયમાં ડબલ સ્પીડે આગળ વધશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ રાજયની જનતાને દિવાળીની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આ અવસરે શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, આ ક્વિઝ શરૂ કરી ત્યારે કોઇને વિશ્વાસ નહોતો કે આ ક્વિઝને આટલી મોટી સફળતા મળશે. આ ક્વિઝને 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન'માં સ્થાન પ્રાપ્ત થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને માર્ગદર્શન થકી આ ક્વિઝ વિશ્વની સૌથી મોટી ક્વિઝ બની છે. શિક્ષણ વિભાગ માટે આ ગૌરવની વાત છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝમાં ૨૭ લાખથી વધુએ રજિસ્ટ્રેશન કરાવ્યંય હતું અને ૨૫ લાખથી વધુ લોકો આ ક્વિઝ રમ્યા છે. એટલું જ નહીં ૧ લાખ ૨૫ હજારથી વધુ લોકો આ ક્વિઝમાં વિજેતા પણ બન્યા છે. આ વિજેતાઓને રૂપિયા ૨૫ કરોડથી વધુના ઈનામો પણ અપાયા હતા.આમ, ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ થકી યુવાનોને પ્લેટફોર્મ આપવાનું કામ મુખ્યમંત્રી શ્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે કર્યું છે એમ શિક્ષણમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું. શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ કહ્યું કે, જ્ઞાન અને ટેક્નોલોજીનો અદભુત સમન્વય કેવી રીતે થઇ શકે તે આ ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝમાં જોવા મળ્યું છે. તાલુકા વોર્ડમાંથી સૌથી વધુ લોકોએ આ ક્વિઝમાં ભાગ પણ લીધો હતો એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં




વિજેતાઓની ઘોષણા, ઈનામી રકમના ચેક, પ્રમાણપત્ર અને ટ્રોફી વિતરણ તથા GSIRF૨૦૨૨ના Five Star પ્રાપ્ત કરનાર યુનિવર્સિટી અને સંસ્થાઓને પ્રમાણપત્ર વિતરણ પણ કરવામાં આવ્યા હતા.

આ અવસરે સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્યકક્ષાના મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલા, શિક્ષણ અગ્ર સચિવ શ્રી એસ.જે હૈદર, શિક્ષણ કમિશ્નર શ્રી નાગરાજન, આઇ.આઇ.ટી.ઇ.ના કુલપતી શ્રી હર્ષદભાઇ પટેલ, ગુજરાત યુનિવર્સિટીના કુલપતી શ્રી હિમાંશુ પંડ્યા તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ક્વિઝમાં અત્યાર સુધી ગુજરાતના કુલ ૨૭.૭૨ લાખથી વધુ પ્રજાજનોની ભાગીદારી નોંધાતા દેશના શિક્ષણ ઈતિહાસમાં પણ અનોખી સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. રાજયના યુવાનો અને વિદ્યાર્થીઓને જોડતા આ અભિયાન અંતર્ગત ગુજરાતની યુવાશક્તિના જ્ઞાનનો ખજાના અને જિજ્ઞાસા સંતોષતી ગુજરાત જ્ઞાન ગુરુ ઊૈડ - ૪૩ઊનું આયોજન જુલાઇ મહિનાથી કરવામાં આવ્યું છે. જેમાં આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ૨૧મી સદીને ભારતની સદી બનાવવા કટિબદ્ધ ગુજરાતની ડબલ એન્જિન સરકાર આ અભિયાન અંતર્ગત ગુજરાતની યુવાશક્તિને ઉજાગર કરી જોડવા થયો એક અનોખો પ્રયાસ શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાધાણીની આગેવાની અને મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર અને કીર્તિસિંહ વાઘેલાના સાનિધ્યમાં ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે ગુજરાત જ્ઞાન ગુરુ ઊૈડ - ૪૩ઊનું કર્યું આયોજન કરીને કર્યો છે. જેમાં પ્રથમ તબક્કામાં તાલુકા-નગરપાલિકા/વોર્ડ સ્તરે, બીજા તબક્કામાં જિલ્લા-નગરપાલિકા સ્તરે અને ત્રીજા અને અંતિમ તબક્કામાં રાજ્ય સ્તરે ગ્રાન્ડ મેગા ફિનાલે ઓફલાઈન ક્વિઝનું આયોજન થયું.



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકાના મીઠીઘારીયાલ ગામથી બંગાળી (પટેલ) પરિવારના ભાઈઓ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી મીઠીઘારીયાલ થી સુપ્રસિધ્ધ યાત્રા ધામ ઐઠોર સુધી પગપાળા સંઘનુ આયોજન કરવામાં આવે છે.મીઠીઘરીયાલ ગામે છેલ્લા ઘણા વર્ષો થી ઐઠોર થી આવેલ બંગાળી પાટીદાર પરિવારો વસવાટ કરે છે જે પરિવાર ની વર્ષો જૂની આસ્થા ગણપતિ દાદા સાથે જોડાયેલી છે.વર્ષે કારતક સુદ ત્રિજના દિવસે પગપાળા સંઘ ઐઠોર જવાના' જય ગણેશઃ ના નારા સાથે પ્રસ્થાન પામે છે. જેમાં બંગાળી પરીવાર્ ના તમામ ભાઈઓ ,બહેનો,ભુલકાઓઅને વડીલો સહિત ૧૦૦ થી વધુ ×દર્શનાર્થીઓ જોડાય છે. સંઘ કારતક સુદ ચોથ (ગણેશ ચોથ) ના દિવશે ઐઠોર પહોચી ગનપતિ દાદા ના મંદિરે ધજા ચદાવી,આરતી કરવામાં આવે છે. દાદા ના દર્શન કરી ઉજાણી કરવામાં આવે છે. આ વર્ષની ઉજાણી દાતાશ્રીઓ ઐઠોર માં રહેતા બંગાલી ભાઈઓ તરફથી કરવામાં આવછે. જેનુ આયોજન મહેંદ્રભાઇ કે. પટેલ દ્વારા કરવામાં આવે છે

## ચાણસ્મા તાલુકાના ગલોલીવાસણા ગામે ૩૫ વર્ષીય ઠાકોર યુવકને ગામના જ ઠાકોર યુવકે માથાના ભાગે છરીના ઘા મારી મોત નીપજાવ્યું.

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ગલોલી વાસણા ગામે ગુરુવારે બપોરના એક વાગ્યાના સુમારે ઠાકોર ઈશ્વરજી સેંધાજી ઉ. વ. ૩૫ પોતાના વાડામાં કેબલ ચઢાવવા માટે ગયા હતા. તે દરમ્યાન ગામનો જ ઠાકોર રાજુજી કાનાજી તીક્ષ્ણ હથિયાર લઈ મૃતક યુવકના માથાના ભાગે ઘાતકી હુમલો કરતાં મૃતક યુવાન કે જોરદાર રાડો પાડતાં તેનો મોટોભાઈ અમરજી સેંધાજી ઘટના સ્થળે આવી પહોંચતાં આરોપી રાજુજી ઠાકોર ત્યાંથી પલાયન થઈ ગયો હતો. અને લોહીલુહાણ હાલતમાં ભોગ બનનાર યુવકને તાત્કાલિક ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે લવાયા હતા. પરંતુ રસ્તામાં જ માથાના ભાગેથી લોહી વહી જતાં યુવકનું કરૂણ મોત નિપજ્યું હતું.

ઘટનાની જાણ મૃતકના મોટાભાઈ વિષ્ણુજી ઠાકોરે ચાણસ્મા પોલીસને કરતાં પી.આઈ. આર. એમ. વસાવા ચાણસ્મા આરોગ્ય કેન્દ્ર ખાતે આવી લાશનું પંચનામું કરી લાશનું પી.એમ. કરવાની તજવીજ હાથ ધરી હતી. જ્યારે ઘટના બન્યાને ગણતરીના કલાકોમાં જ આરોપીને પકડીને જેલના સળિયા પાછળ ધકેલી વધુ કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી.

હત્યાનું કારણ હજુ અકબંધ.

ગલોલીવાસણા ગામે ગામના જ ઠાકોર યુવકે ઠાકોર યુવકને માથાના ભાગે છરી મારી હત્યા કરતાં ગામમાં ચકચાર મચી જવા પામી છે. ચકચારી હત્યાનું કારણ હજુ અકબંધ છે. ગામમાં અનિશ્ચિનીય ઘટના ન બને તે માટે ચાણસ્મા પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.


www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
RNI No.: GUJGUJ/2014/59295

જન ફરિયાદ સાપ્તાહિક

Editor : Pradip Raval Mobile : 9824653073
Place of Publication : Plot No : 581/1, Sector -7 B, Gandhinagar - 382007
Editor Resi. : Block No. 677/2, Sector - 8, Gandhinagar - 382008

દિપોત્સવી અંક - ૨૦૨૨ - જાહેર ખબર

| | |
|---|---|
| આખુ પાનું (Black & White) | Rs. 15000/- |
| અડધુ પાનું (Black & White) | Rs. 10000/- |
| પા પાનું (Black & White) | Rs. 5000/- |
| શુભેચ્છક વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાત(B &W) | Rs.2000/- |

૧) જાહેરાત નો ચેક ન્યુઝ ઓફ ગાંધીનગર ના નામે લખવો.
૨) ગાંધીનગર કાર્યાલયે જાહેરાત ડિઝાઈન તૈયાર કરી મોકલવી.
૩) જો ડિઝાઈન બનાવવાની હશે તો તેનો રૂ. ૫૦૦/-ચાર્જ અલગથી લેવામાં આવશે.
૪) આપની જાહેરાત Whatsapp No: 9824653073 પર જાણ કરી મોકલી શકો છો.
૫) આ સાથે જો આપની પાસે કોઈ વૈવિધ્યપૂર્ણ સાહિત્યિક, સામાજિક આપના હસ્ત લેખિત લેખ હોય તો પણ મોકલશો. જગ્યા અનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે.(અમદાવાદ, નડિયાદ, આણંદ, ભરૂચ, વડોદરા, રાજકોટ, સુરત, નવસારી, વલસાડ, જુનાગઢ,ગીર, સોમનાથ, દ્વારકા, જામનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, હિંમતનગર, મોડાસા અને મુંબઈ.
૬) દિવાળી અંકની સાઈઝ (11.0" × 8.5" Inch) મેગેઝિન સાઈઝ રહેશે.
કલર જાહેર ખબરના ૫૦% અલગથી ચાર્જ લેવાશે.
૭) તદુપરાંત દૈનિક ન્યુઝ પેપરમાં પણ દિવાળી અંક પ્રસિદ્ધ થશે.જેમા આપની જાહેરખબર પ્રસિદ્ધ કરાશે.
૮) કોઈ પણ તકરાર નું ન્યાય ક્ષેત્ર ગાંધીનગર રહેશે.
૯) વહેલા તે પહેલાના ધોરણે દિવાળી અંકમાં જાહેરાત અને લેખો સમાવવામાં આવશે.

Email : prdpraval42@gmail.com
https://www.facebook.com/raval.pradip.3532
https://youtube.com/user/MrRavalji
https://www.facebook.com/janfariyadnews

તંત્રી/માલિક/મુદ્રક/પ્રકાશક
પ્રદીપ રાવલ
M: 9824653073

Twitter :


Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.